dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS


# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year - 8 | Issue- 50 | AD - 2024, kartak Vad -08 | Saturday, Dt.23-11-2024 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00


### ગુરુવારે થયેલા ભયાનક આતંકવાદી હુમલામાં મહિલાઓ અને બાળકો સહિત ૪૦ શિયા મુસ્લિમોના મોત થયા હતા

# પાકિસ્તાનમાં શિયા મુસ્લિમોનો બળવો, ખૈબર પખ્તુનખ્વામાં સેનાની બે પોસ્ટ સળગાવી

ઈસ્લામાબાદ,તા.૨૨

પાકિસ્તાનના ખૈબર પખ્તુનખ્વા પ્રાંતમાં ગુરુવારે થયેલા ભયાનક આતંકવાદી હુમલા બાદ શિયા મુસ્લિમોમાં ભારે ગુસ્સો છે. આ હુમલામાં મહિલાઓ અને બાળકો સહિત ૪૦ શિયા મુસ્લિમોના મોત થયા છે. તે તાજેતરના વર્ષોમાં પ્રદેશમાં થયેલા સૌથી ઘાતક હુમલાઓમાંનો એક છે. આ હુમલો ખૈબર પખ્તુનખ્વા પ્રાંતના કુર્રમ જિલ્લામાં થયો હતો, જ્યાં તાજેતરના મહિનાઓમાં બહુમતી સુન્ની મુસ્લિમો અને લઘુમતી શિયાઓ વચ્ચે સાંપ્રદાયિક અથડામણમાં ડઝનેક લોકો માર્યા ગયા છે. અત્યાર સુધી આ તાજેતરના હુમલાની જવાબદારી કોઈએ લીધી નથી.

હુમલા બાદ, ગુસ્સે ભરાયેલા શિયા મુસ્લિમોએ કુર્રમ જિલ્લામાં શહેરના પ્રવેશદ્વાર બા-એ-કુર્રમ સહિત બે ચોકીઓમાં તોડફોડ કરી અને આગ લગાડી. ઘટનાસ્થળે હાજર સેના, અર્ધલશ્કરી દળો અને પોલીસ કર્મચારીઓ ગુસ્સે થયેલા ટોળાને જોઈને ભાગી ગયા હતા. શિયા મુસ્લિમોના કાફલા પર હુમલો સત્તાવાળાઓએ પ્રદેશમાં એક મુખ્ય ધોરીમાર્ગને ફરીથી ખોલ્યાના એક અઠવાડિયા પછી થયો હતો, જે ઘાતક અથડામણોને પગલે અઠવાડિયાથી બંધ હતો.

સ્થાનિક પોલીસ અધિકારી અઝમત અલીએ જણાવ્યું હતું કે જ્યારે હુમલો શરૂ થયો ત્યારે પારાચિનાર શહેરથી ખૈબર પખ્તુનખ્વાની રાજધાની પેશાવર તરફ કાફલામાં અનેક વાહનો મુસાફરી કરી રહ્યા હતા. તેમણે કહ્યું કે હોસ્પિટલમાં ઓછામાં ઓછા ૧૦ મુસાફરોની હાલત ગંભીર છે. પ્રાંતીય મંત્રી આફતાબ આલમે જણાવ્યું હતું કે હુમલા પાછળ કોનો હાથ છે તે જાણવા માટે અધિકારીઓ તપાસ કરી રહ્યા છે.



ગૃહમંત્રી મોહસિન નકવીએ આ ગોળીબારને "આતંકવાદી હુમલો" ગણાવ્યો હતો. વડાપ્રધાન શેહબાઝ શરીફ અને રાષ્ટ્રપતિ આસિફ અલી ઝરદારીએ આ હુમલાની નિંદા કરી હતી. શરીફે કહ્યું હતું કે નિર્દોષ નાગરિકોની હત્યા પાછળના લોકો સજામાંથી છૂટશે નહીં.

કુર્રમના રહેવાસી ૩૫ વર્ષીય મીર હુસૈને કહ્યું કે તેણે ચાર બંદૂકધારીઓને એક વાહનમાંથી નીકળતા જોયા અને બસો અને કાર પર ગોળીબાર શરૂ કર્યો. "મને લાગે છે કે અન્ય લોકો પણ નજીકના ખુલ્લા મેદાનોમાંથી વાહનોના કાફલા પર ગોળીબાર કરી રહ્યા હતા," તેમણે કહ્યું. "લગભગ ૪૦ મિનિટ સુધી ગોળીબાર ચાલુ રહ્યો." તેણે કહ્યું કે જ્યાં સુધી હુમલાખોરો ભાગી ન જાય ત્યાં સુધી તેઓ છુપાયા હતા. તેણે કહ્યું કે, "મેં મહિલાઓની ચીસો સાંભળી, અને લોકો મદદ માટે ચીસો પાડતા હતા."

પીડિતોમાંના એકના સંબંધી ઈબ્ને અલી બંગશે કાફલા પરના હુમલાને કુર્રમના ઈતિહાસનો સૌથી દુઃખદ દિવસ ગણાવ્યો હતો. "અમારા સમુદાયના ૪૦ થી વધુ લોકો શહીદ થયા છે," તેમણે કહ્યું. "આ સરકાર માટે શરમજનક છે." સ્થાનિક શિયા નેતા બાકિર હૈદરીએ હુમલાની નિંદા કરી અને કહ્યું કે મૃતકોની સંખ્યામાં વધારો થવાની સંભાવના છે. તેમણે સ્થાનિક સત્તાવાળાઓ પર ૧૦૦ થી વધુ વાહનોના કાફલા માટે પૂરતી સુરક્ષા ન આપવાનો આરોપ મૂક્યો હતો, જ્યારે આતંકવાદીઓ દ્વારા સંભવિત હુમલાનો ભય હતો, જેમણે તાજેતરમાં કુર્રમમાં શિયાઓને નિશાન બનાવવાની ધમકી આપી હતી. પારાચિનારમાં દુકાનદારોએ હુમલાના વિરોધમાં શુક્રવારે હડતાળની જાહેરાત કરી હતી. શિયા મુસ્લિમો સુન્ની પ્રભુત્વ ધરાવતા પાકિસ્તાનની ૨૪૦ મિલિયનની વસ્તીમાં લગભગ ૧૫% છે, જે સમુદાયો વચ્ચે સાંપ્રદાયિક દુશ્મનાવટનો ઈતિહાસ ધરાવે છે. જો કે બે જૂથો સામાન્ય રીતે શાંતિપૂર્ણ રીતે સાથે રહે છે, કેટલાક વિસ્તારોમાં, ખાસ કરીને કુર્રમના ભાગોમાં, જ્યાં શિયાઓની બહુમતી છે ત્યાં દાયકાઓથી તણાવ ચાલુ છે. જુલાઈમાં કુર્રમમાં જમીન વિવાદ ફાટી નીકળ્યો ત્યારથી બંને પક્ષોના ડઝનેક લોકો માર્યા ગયા છે, જે પાછળથી વ્યાપક સાંપ્રદાયિક હિંસામાં પરિણમ્યું હતું.

**શિયા મુસ્લિમોનો ગુસ્સો જોઈ ઘટનાસ્થળે હાજર સેના, અર્ધલશ્કરી દળો અને પોલીસ કર્મચારીઓ ભાગી ગયા**

# છત્તીસગઢમાં જવાનો સાથેની અથડામણમાં ૧૦ નક્સલીઓ ઠાર

સુકમા,તા.૨૨

છત્તીસગઢના સુકમા જિલ્લામાં પોલીસ અને નક્સલવાદીઓ વચ્ચે અથડામણ ચાલી રહી છે. જવાનોએ ૧૦ નક્સલીઓને ઠાર કર્યા છે. ઘટનાસ્થળેથી ત્રણ ઓટોમેટિક હથિયારો પણ મળી આવ્યા છે. તેમજ, બંને તરફથી જંગલમાં સમયાંતરે ફાયરિંગ ચાલુ છે. મામલો ભેજ્જી પોલીસ સ્ટેશન વિસ્તારનો છે. ૧ જાન્યુઆરીથી ૨૨ નવેમ્બર સુધીમાં ૨૦૭ નક્સલવાદીઓ માર્યા ગયા છે. બસ્તરના આઈજી સુંદરરાજ પીએ જણાવ્યું કે આ



એન્કાઉન્ટરમાં અત્યાર સુધીમાં ૧૦ નક્સલીઓના મૃતદેહ મળી આવ્યા છે. સ્થળ પરથી AK-૪૭, INSAS અને SLR સહિત અન્ય હથિયારો પણ મળી આવ્યા છે. સુકમા એસપી કિરણ ચવ્હાણે કહ્યું છે કે આ એક મોટી સફળતા છે. જવાનો સ્થળ પર છે. જ્યારે તેઓ પાછા આવશે ત્યારે વધુ માહિતી મળશે. સુરક્ષા દળોને માહિતી મળી હતી કે ભેજ્જી જંગલમાં નક્સલવાદીઓ ભેગા થયા છે. આ પછી જવાનોને મોકલવામાં આવ્યા, જ્યાં નક્સલવાદીઓ સાથે અથડામણ થઈ. એક દિવસ પહેલા જ મોટી સંખ્યામાં નક્સલવાદીઓ ઓડિશાના રસ્તેથી CG બોર્ડરમાં ઘૂસ્યા હતા. આ દરમિયાન ઓડિશા પોલીસ સાથે પણ એન્કાઉન્ટર થયું હતું. જેમાં એક નક્સલવાદી માર્યો ગયો હતો અને એક જવાન ઘાયલ થયો હતો. આ પછી છત્તીસગઢ ફોર્સ એલર્ટ પર હતી. ડિશા અને ગારિયાબંદની નજીક આવેલા ઉદંતી અભયારણ્યના જંગલમાં ગુરુવારે પોલીસ અને નક્સલવાદીઓની અથડામણ પણ થઈ હતી. નક્સલવાદીઓની હાજરીની માહિતી મળતાં, ગારિયાબંદ પોલીસે સંયુક્ત સર્ચ ઓપરેશન શરૂ કર્યું હતું. આ ઓપરેશનમાં ગારિયાબંદ ડીઆરજી, કોબ્રા ૨૦૭ બટાલિયન, ઓડિશા SOG, સીઆરપીએફ ૨૧૧ અને ૬૫ બટાલિયનના લગભગ ૨૦૦ જવાનો સામેલ હતા. અમાદના જંગલોમાં પહોંચતા જ નક્સલવાદીઓએ ગોળીબાર શરૂ કરી દીધો હતો. જવાનોએ પણ જડબાતોડ જવાબ આપ્યો. જવાનો ભારે પડતા નક્સલવાદીઓ ભાગી ગયા હતા. પોલીસે નક્સલવાદીઓના ઠેકાણામાંથી સિંગલ શોટ રાઈફલ, નક્સલવાદી સાહિત્ય, ગરમ કપડા અને રોજિંદા ઉપયોગની વસ્તુઓનો મોટો જથ્થો જપ્ત કર્યો છે.






# દિલ્હીમાં કેન્દ્રીય કર્મચારીઓને અલગ-અલગ સમયે કામ પર આવવા સૂચના




### દિલ્હીમાં પ્રદૂષણ કાબુમાં લાવવા મ્યુનિસિપલ કોર્પોરેશને રાત્રિ સફાઇ અભિયાન શરૂ કર્યું

ન્યુ દિલ્હી,તા.૨૨

શુક્રવારે પણ દિલ્હી દેશનું સૌથી પ્રદૂષિત શહેર રહ્યું. રાજધાનીના આનંદ વિહાર, બવાના, મુંડકા અને વજીરપુરમાં એર ક્વોલિટી ઈન્ડેક્સ (AQI) ૪૦૦ને પાર કરી ગયો હતો. જો કે, સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડ (CPCB) અનુસાર, સવારે ૭ વાગ્યે સરેરાશ એક ક્વોલિટી ઈન્ડેક્સ ૩૭૧ નોંધાયો હતો, જે બે દિવસ પહેલા બુધવારે ૪૧૯ના AQI કરતાં થોડો સારો છે. કેન્દ્ર સરકારે તેના કર્મચારીઓને અલગ-અલગ સમયે કામ કરવાની સૂચના આપી છે જેથી પ્રદૂષણ ઘટાડી શકાય. કર્મચારીઓને પબ્લિક ટ્રાન્સપોર્ટનો ઉપયોગ કરવાની પણ સૂચના આપવામાં આવી છે. આ પહેલા દિલ્હી સરકાર અને દિલ્હી મ્યુનિસિપલ કોર્પોરેશન (MCD)એ પણ તેમની ઓફિસના સમયમાં ફેરફાર કર્યો છે. NMDCએ પ્રદૂષણને કાબૂમાં લેવા માટે રાત્રિ સફાઈ અભિયાન શરૂ કર્યું. આ અંતર્ગત ઘણા વિસ્તારોમાં સફાઈ કામદારો રાત્રે સફાઈ કરતા જોવા મળ્યા હતા. GRAP-૩ હેઠળ, રાજ્ય સરકારોને જાહેર અને મ્યુનિસિપલ કોર્પોરેશનોના કામકાજના સમયમાં ફેરફાર કરવા માટે કહેવામાં આવ્યું છે. જેથી ટ્રાફિક જામ ઓછો થઈ શકે અને પ્રદૂષણ પણ ઘટાડી શકાય. આ પગલું હવાની ક્વોલિટી સુધારવાના પ્રયાસોનો એક ભાગ છે. GRAP-૪ હેઠળ માસ્ક એડવાઈઝરી પણ લાગુ કરવામાં આવી છે, જેમાં હવા ખૂબ ખરાબ હોય ત્યારે લોકોને બહાર જતી વખતે માસ્ક પહેરવાનું કહેવામાં આવે છે. આ પગલું તેમની તબિયત સાચવવામાં પણ મદદરૂપ થશે.













સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
શનિવાર, તા.૨૩-૧૧-૨૦૨૪

### આગામી ૨૪-૨૫ જાન્યુઆરીના રોજ પ્રયાગમાં હિન્દુ સંત સંમેલન યોજાશે

# અમરેલી ખાતે આં.રા.હિન્દુ પરિષદ અને બજરંગ દળની બેઠક મળી

**પ્રયાગમાં યોજાનાર કુંભમેળાની તૈયારીઓની ચર્ચા કરવામાં આવી**

અમરેલી,તા.૨૨

આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ તેમજ રાષ્ટ્રીય બજરંગ દળ અને તમામ આયામોની એક બેઠક મળેલી. આ બેઠક ૨૦૨૫માં પ્રયાગ ખાતે કુંભમેળો ખૂબ જ ભવ્યથી ભવ્ય ઉજવવાનો છે ત્યારે આ કુંભમાં આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદના ડો. પ્રવીણભાઈ તોગડિયાના આદેશ અને તેમના માર્ગદર્શન નીચે આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ દ્વારા આ કુંભમાં બે કરોડ માણસોને ભોજનની વ્યવસ્થા સાથે લાખો માણસોને રહેવા માટે ટેન્ટ ઉભા કરવામાં આવ્યા છે. ભારતભરમાંથી આંતરરાષ્ટ્રીય



હિન્દુ પરિષદના તમામ કાર્યકર્તા ભાઈઓ અને બહેનોને આ કુંભમાં સેવા આપવા જવા માટે અને આગામી ૨૪-૨૫ જાન્યુઆરીના રોજ પ્રયાગમાં જે વિરાટ હિન્દુ સંત સંમેલન યોજાવાનું છે ત્યારે આમાં પણ સૌરાષ્ટ્રના દરેક પ્રાંતમાંથી ખૂબ જ મોટી સંખ્યામાં હિન્દુ કાર્યકર્તા ભાઈઓને જોડવા માટે સૌરાષ્ટ્ર પ્રાંત અધ્યક્ષ ડો. ગજેરા, સૌરાષ્ટ્ર પ્રાંત સંગઠન મંત્રી નિર્મળસિંહ ખુમાણ, પ્રાંત ઉપાધ્યક્ષ મનસુખભાઈ રૈયાણી, જિલ્લા અધ્યક્ષ સુરેશભાઈ સોલંકી, વિભાગ અધ્યક્ષ ડો.દેસાણી, જિલ્લા કાર્યકારી અધ્યક્ષ જીલુભાઈ વાળા, જિલ્લા ઉપાધ્યક્ષ દડુભાઈ ખાચર તેમજ રાષ્ટ્રીય બજરંગ દળ વિભાગ અધ્યક્ષ દિલીપભાઈ બામટા તેમજ રાષ્ટ્રીય બજરંગ દળ જિલ્લા અધ્યક્ષ મજબૂત સિંહ બસિયા, મંત્રી વિપુલભાઈ ગજેરા અને કાર્યકર્તા ભાઈઓ દ્વારા આ બેઠકમાં આગામી કુંભમાં જવા માટે તૈયારી અને જિલ્લાના તમામ તાલુકાઓમાં તેમજ શહેરમાં વીર હનુમાન હિન્દુ યાત્રા કાઢવા બાબત તેમજ આ કુંભ માટે યથાશક્તિ અન્નદાન અને ભેટદાન કરવા માટેના આયોજનો ગોઠવવામાં આવ્યા છે.

# ધારીમાં આવેલી વડોદરીયા હોસ્પિટલના વીઝીટીંગ ડોકટરની સોનોગ્રાફી પર રોક

અમરેલી,તા.૨૨

ધારીમાં આવેલી વડોદરીયા હોસ્પિટલ આવેલી છે આ હોસ્પિટલમાં ગાયનેક ડોકટર તરીકે ડો. રાખોલીયા વીઝિટીંગ ડોકટર તરીકે આવતા હોય આ ડોકટરને વડોદરીયા હોસ્પિટલમાં માત્ર મંગળવાર અને શુક્રવારના રોજ જ સોનોગ્રાફીની મંજૂરી આપવામાં આવેલ હતી. જો કે નિતિ નિયમોની ઉલાળીયો કરી ડો. રાખોલીયા ગમે તે દિવસે સોનોગ્રાફી કરતા હોવાનુ જાણવા મળ્યુ હતુ. જેથી આરોગ્ય વિભાગની ટીમ દ્વારા વડોદરીયા હોસ્પિટલમાં ચકાસણી અર્થે જતા અન્ય દિવસોમાં ૧૧ જેટલી સોનોગ્રાફી કરવામાં આવી હોવાનુ જાણવા મળ્યુ હતુ. આ બાબતે બે દિવસ પહેલા પીસીપીએનડીટીની બેઠકમાં નિર્ણય લેવામાં આવ્યો હતો કે આ ડોકટર જિલ્લામાં ૬ મહીના સુધી સોનોગ્રાફી કરી શકશે નહી અને વડોદરીયા હોસ્પિટલનું સોનગ્રાફી મશીન સીલ મારવામાં આવ્યું છે.

# અમરેલી જિલ્લાના ખેડૂતોને તાત્કાલિક ડીએપી ખાતર ફાળવવા પૂર્વ સાંસદ નારણ કાછડીયાની રજૂઆત

અમરેલી, તા.૨૨

અમરેલી જિલ્લામાં ડી.એ.પી. ખાતર મેળવવા માટે ખેડૂતોને ખુબ જ મુશ્કેલી પડી રહી છે અને તે મેળવવા માટે લાંબી કતારો લાગી છે. આ સ્થિતિમાં ખેડૂતોને પૂરતું ડી.એ.પી. ખાતર મળી રહે તે માટે અમરેલીના પૂર્વ સાંસદ નારણભાઈ કાછડીયાએ કેન્દ્રીય રસાયણ અને ખાતર મંત્રી જે.પી.નડ્ડા, કેન્દ્રીય કૃષિ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણ અને ગુજરાતના કૃષિ મંત્રી રાઘવજીભાઈ પટેલને પત્રથી રજૂઆત કરેલ છે. રજૂઆતમાં જણાવ્યા મુજબ આજે ખેડૂતોને ઘઉં, ચણા, રાઈડો, ધાણા અને ડુંગળી વગેરે જેવા શિયાળુ પાકનું વાવેતર કરવાનું હોય પરંતુ જિલ્લામાં ડી.એ.પી. ખાતરની ઘટ હોવાથી વાવેતરમાં મોડું થઈ રહ્યુ છે અને



જો વધુ મોડું થાય તો ઉત્પાદનમાં ફેર પડે અને ખેડૂતોને નુકસાનીનો સામનો કરવો પડે. અમરેલીમાં ડીએપીની ઘટ હોવાના લીધે ખેડૂતોની ખાતર મેળવવા માટે લાંબી કતારો લાગી છે. ઘણા ખેડૂતો રૂ. ૧૭૦૦ થી ૧૮૦૦ ખર્ચીને કાળા બજારમાંથી ખાતર ખરીદે છે. ખેડૂતોને તાત્કાલીક આ ખાતર મળી રહે તેમજ ફાળવનાર ખાતરની રેક લીલીયા મોટા અથવા પીપાવાવ પોર્ટ ઉપર ઉતરે તેવી વ્યવસ્થા ગોઠવવા બાબતે પણ તેમણે રજૂઆત કરેલ છે.

# મનિષ સંઘાણીના માર્ગદર્શન નીચે ખાંભા ખાતે સહકારી સેમિનારનું આયોજન

અમરેલી,તા.૨૨

અમરેલી જિલ્લા સહકારી સંઘના અધ્યક્ષ મનીષ સંઘાણીના માર્ગદર્શન હેઠળ અમરેલી જિલ્લા સહકારી સંઘ દ્વારા ખાંભા ખાતે ૭૧મા અખિલ ભારતીય સહકાર સપ્તાહ અતંર્ગત સહકારી સંસ્થાઓ, મંડળીઓ વચ્ચે સહકારનું સુદઢીકરણ જેવા વિષય પર સહકારી સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ



કાર્યક્રમમાં અમરેલી જિલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘના અધ્યક્ષ જયંતીભાઈ પાનસુરીયા, હિરેનભાઈ હીરપરા, અમરેલી જિલ્લા સહકારી સંઘના ડાયરેકટર અને યુવા સમિતિના અધ્યક્ષ જીજ્ઞેશભાઈ (ડેની) રામાણી, ખાંભા તાલુકા ભાજપ અધ્યક્ષ વિપુલભાઈ સેલડિયા, ખાંભા તાલુકા પંચાયત અધ્યક્ષ ભીખાભાઈ સરવૈયા, એ.પી.એમ.સી. ખાંભાનાં અધ્યક્ષ વિનુભાઈ રૈયાણી, રવિભાઈ ધાનાણી, સહકારી અગ્રણીઓ અને રાજકીય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

# જેસર-પાલિતાણા રોડનું સ્થળ નિરીક્ષણ કરતાં ધારાસભ્ય મહેશભાઈ કસવાલા

સાવરકુંડલા, તા.૨૨

સાવરકુંડલા જેસર-પાલિતાણા રોડનું રૂપિયા ૨૨ કરોડ જેવી માતબર રકમના ખર્ચે રિસર્ફેસિંગ થઈ રહ્યુ હોય તેવી સ્થિતિમાં સાવરકુંડલા ધારાસભ્ય મહેશભાઈ કસવાલા પોતે આ સંદર્ભે સ્થળ તપાસની જાત માહિતી નિરીક્ષણ કરી મેળવતાં જોવા મળેલ આ સંદર્ભે તેમણે જરૂરી



સૂચનો પણ કર્યા હતાં. તેમની સાથે સાવરકુંડલા તાલુકા ભાજપ પ્રમુખ જીવનભાઈ વેકરીયા, જિલ્લા પંચાયત સદસ્ય પુનાભાઈ ગજેરા સમેત કાર્યકર્તાઓ, રાજકીય અને સામાજિક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# ખોડલધામનાં ટ્રસ્ટી રમેશભાઈ કાથરોટીયાનાં માતૃશ્રીનું નિધન

અમરેલી, તા.૨૨

ખોડલધામ ટ્રસ્ટ કાગવડનાં ટ્રસ્ટી રમેશભાઈ કાથરોટીયાનાં માતૃશ્રીનું નિધન થતાં ઘેરો શોક છવાયો હતો. ખોડલધામ ટ્રસ્ટનાં ટ્રસ્ટી અને સેવાકીય આગેવાન રમેશભાઈ કાથરોટીયાના માતૃશ્રી લીલાબેનનું શુક્રવારનાં રોજ નિધન થયું હતું. લીલાબેન કાથરોટીયાની નીકળેલી અંતિમ યાત્રામાં સામાજીક, રાજકીય આગેવાનો



જોડાયા હતા. સદ્‌ગતનું બેસણું અમરેલી મુકામે તા.૨૪નાં રોજ બપોરે ૩ થી ૬ શ્યામવાડી, લીલીયા રોડ ખાતે રાખેલ છે.

# ધારીમાં હઝરત ઝહુર હસન બાવાનો ઉર્ષ મુબારક ઉજવાશે

**જુમા મસ્જિદ ખાતેથી ઝુલુસ મુબારક નીકળી આસ્તાનાએ બરકાત ખાતે પહોંચશે**

ધારી, તા.૨૨

ધારી શહેરમાં આવેલા હઝરત ઝહુર હસન બાવાના આસ્તાનામાં આગામી તા. ૨૮ નવેમ્બર, ૨૦૨૪ના રોજ ૧૭૯મો ઉર્ષ મુબારક ઉજવવામાં આવશે. આ ઉર્ષમાં ગોંડલ સહિતના વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉમટી પડશે.

ધારીશહેરમાં હિન્દુ-મુસ્લિમ સમાજ માટે આસ્થાના કેન્દ્ર સમાન આ આસ્તાનામાં ઉર્ષની ઉજવણી માટે ગોંડલના યુવાનો, વડીલો અને બાળકો તડામાર તૈયારી કરી રહ્યા છે. ગોંડલથી ધારી આવવા માટેની વ્યવસ્થા પણ ફ્રીમાં રાખવામાં આવી છે. આ ઉર્ષમાં ગોંડલના મશહૂર બાયઝીદ બાપુ એન્ડ ગ્રૂપ અને નાતખ્વા ફારૂક બરકાતી ગ્રૂપ સહિતના નાતખ્વાના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. સાંજે ૫:૦૦ કલાકે જુમા મસ્જિદ ખાતેથી ઝુલુસ મુબારક નીકળી આસ્તાનાએ બરકાત ખાતે પહોંચશે.

# બગસરાનાં ક્રિષ્નાંશ ચંદારાણાને રઘુવંશી સંશોધક એવોર્ડ અપાશે

અમરેલી, તા.૨૨

બગસરાના રઘુવંશી પરિવારના ભરતભાઈ આર. ચંદારાણાના પુત્ર ક્રિષ્નાંશએ ગેટ એકઝામ ૨૦૨૩માં ૨૧૭ માં રેન્કથી ઓલ ઈન્ડિયામાં પાસ કરી આઈ.આઈ.ટી. મદ્રાસમાં એડમિશન મેળવેલ જેમાં ચાર પ્રોજેક્ટ પૂર્ણ કરી અમેરિકા એટ સ્પેસ પોર્ટ કપ વીથ કેનરાડ સિસ્ટમ એવોર્ડ મેળવ્યો હતો જેમાં તેણે અભ્યુદય રોકેટ ટીમ, ડ્રોન વિટલ સપ્લાય ઈમરજન્સી, મિશન માર્સ, એર બસ કંપનીમાં રિસર્ચ જેવા પ્રોજેક્ટમાં ભાગ લીધેલ જેના અનુસંધાને લોહાણા મહાપરિષદએ આંતરરાષ્ટ્રીય એવોર્ડ શ્રેણી ૨૦૨૪નો શ્રેષ્ઠ રઘુવંશી સંશોધક પ્રતિભા એવોર્ડ બગસરાના ક્રિષ્નાંશ ભરતભાઈ ચંદારાણાને તા.૩૦/૧૧/૨૦૨૪ના રોજ વિલેપાર્લા (વેસ્ટ) મુંબઈ ખાતે એવોર્ડ એનાયત કરશે.

# અમરેલી ખાતે બરોડા કિસાન મેળાનું આયોજન કરાયું








અમરેલી, તા.૨૨

અમરેલી ખાતે બેન્ક ઓફ બરોડા તેમજ ગુજરાત નેચરલ ફાર્મિંગ સાયન્સ યુનિ.નાં સહયોગથી બરોડા કિસાન મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં કૃષિ વિશ્વ વિદ્યાલયનાં કુલપતિ ડો. સી.કે.ટીંબડીયા સહિતનાં કૃષિ વૈજ્ઞાનિકો હાજર રહ્યા હતા. તેમજ બેન્ક ઓફ બરોડાના જનરલ મેનેજર સુશીલકુમાર, રીજનલ મેનેજર ડો.રાજેશ ભાખરે પણ હાજરી આપી હતી. પ્રાકૃતિક ખેતી સંયોજક પ્રફુલભાઈ સેંજલીયાએ જણાવ્યું હતું કે, ખેડૂત હિતને ધ્યાનમાં રાખી પ્રાકૃતિક ખેતી વર્તમાન સમયની આવશ્યકતા છે. ડો. સી.કે.ટીંબડીયાએ જણાવ્યું હતું કે, આવનારી પેઢીમાં વારસામાં આપવા માટે મિલકતરૂપી ફળદ્રુપ સારી જમીન તથા સામુદાયિક આરોગ્ય માટે પ્રાકૃતિક કૃષિ સિવાય બીજો કોઈ વિકલ્પ નથી. આ કિસાન મેળામાં કોલેજ ઓફ નેચરલ ફાર્મિંગનાં આચાર્ય ડો. એસ.પી.દેશમુખ સહિત બેન્ક ઓફ બરોડાની ટીમ દ્વારા આયોજન કરવામાં આવ્યું હતું. આ કિસાન મેળામાં ૪૦૦ ખેડૂતોએ ભાગ લીધો હતો.

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંર્પૂણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)





વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com



નવનીત ઓટો સેન્ટર
ગોપી સિનેમા પાસે, સ્ટેશન રોડ,
અમરેલી ફો.૭૫૭૪૮૨૭૩૦૦

મુકેશ સંધાણી 94281 45595
New Number 97230 67130
હર્ષદ સંધાણી 98242 33314
અમારા માટે કોઈ કામ નાનું કે મોટું નથી
ઓલ મેજર એન્ડ માઈનોર રીપેર જોબ
ઓલ એકસીડેન્ટલ રીપેર જોબ • વ્હિલ એલાઈમેન્ટ– બેલેન્સીગ
ઓલ મીકેનિકલ એન્ડ ઈલેકટ્રીકલ જોબ
સસ્પેન્શન ઓવરહોલીંગ • એસી જોબ • એન્જીન જોબ
હેડલાઈટ બાર્કિંગ જોબ • ઈન્ટીરીયર વોશિંગ
વોશિંગ એન્ડ કલીનીગ • ઈન્શાયુરન્સ પોલીસી
શું કામ તમે અમારી સર્વિસ પસંદ કરશો ?



વ્યાજબી ભાવ શ્રેષ્ઠ ગ્રાહક સેવા ગુણવતાયુકત કામ પ્રોફેશનલ અને સ્કીલડ ટીમ
મુકેશ મોટર ગેરેજ Info.mmgamr.gmail.com
C/O પટેલ ગેરેજ, ચકકરગઢ રોડ, અમરેલી, મો. ૯૪૨૮૧ ૮૭૪૭૯

# અમરેલી જિલ્લાના વિવિધ તાલુકાઓમાં મતદાતા જાગૃતિ કાર્યક્રમ યોજાયા

**હેલ્પલાઈન નંબર પર સંપર્ક કરી માહિતી મેળવી શકાશે**

અમરેલી,તા.૨૨

લીલીયા સ્થિત કોલેજ ખાતે મતદાર સાક્ષરતા ક્લબનું આયોજન હાથ ધરવામાં આવ્યું હતું. મતદાર યાદી સુધારણા કાર્યક્રમ અન્વયે વિવિધ માધ્યમથી નાગરિકોને માહિતગાર કરવા જાગૃતિ પ્રસરાવવામાં આવી રહી છે. મતદાર નોંધણી જાગૃતિ કાર્યક્રમમાં યુવાઓ સહભાગી બની રહ્યા છે. અમરેલી જિલ્લામાં દામનગર કુંભનાથ મહાદેવ મંદિર, બાબરા મેલડી માતા મંદિર, તાપડીયા બાપુ આશ્રમ, બાબરા, લાઠી અને લીલીયા આઈટીઆઈ, સહિતના વિવિધ સ્થળોએ મતદાતા જાગૃતિ કાર્યક્રમ યોજાયા હતા. ડોર ટુ ડોર વેસ્ટ કલેકશન વાન દ્વારા રાજુલા વિધાનસભા મત વિસ્તારની મુખ્ય બજાર તથા વિવિધ રહેણાંક વિસ્તારમાં, મતદાર યાદી સુધારણા કાર્યક્રમ અને તેની ખાસ ઝુંબેશના દિવસોની વિગતો નાગરિકોને મળી રહે તે માટે ઓડિયો ક્લિપના માધ્યમથી પ્રચાર-પ્રસાર કરવામાં આવ્યો હતો. વિવિધ સ્થળોએ અને તાલુકા કક્ષાએ વકૃત્વ સ્પર્ધા, નિબંધ લેખન સ્પર્ધા સહિતની સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવી રહ્યું છે. મતદાર સાક્ષરતા ક્લબના માધ્યમથી નવયુવાઓને મતદાતા તરીકે તેમની ફરજ અને નાગરિક



તરીકે તેમના મતદાનના હક્ક વિશે માહિતગાર કરવામાં આવ્યા. ગ્રામ્ય અને શહેરી કક્ષાએ યુવક-યુવતીઓને મતદાર નોંધણી, મત ઓળખપત્રમાં સુધારણા માટે વિગતો આપી તેમને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. અમરેલી જિલ્લાના વિવિધ વિસ્તારોમાં મતદાર યાદી સુધારણા કાર્યક્રમ, ખાસ ઝુંબેશ અંગે નાગરિકોને જાણ કરવા સહિતના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. મહત્વનું છે કે, મતદાર તરીકે અગાઉથી નોંધાયેલા છે તેવા નાગરિકોએ મતદાર યાદીમાં નામ, વિગત, ફોટો અચૂક ચકાસી લેવો, જરુર જણાય તો ફેરફાર કરવા માટેની અરજી આપવી. નામ નોંધણી માટે અથવા ફેરફાર માટે વોટર હેલ્પલાઈન મોબાઈલ એપ, www.voterprotal.eci.gov.in, www.nvsp.in પોર્ટલ ઉપરાંત હેલ્પલાઈન નંબર ૧૯૫૦ પર સંપર્ક કરી વિગતો મેળવી શકાશે. ખાસ બાબત છે કે, મતદાર યાદી ખાસ સંક્ષિપ્ત સુધારણા ઝુંબેશ અંતર્ગત નવેમ્બર-૨૦૨૪ માસની તા.૨૩-શનિવાર, તા.૨૪-રવિવારના રોજ સવારે ૧૦ વાગ્યાથી સાંજે ૫ વાગ્યા સુધી સંબંધિત વિસ્તારના મતદાન મથક પર સંપર્ક કરવો. મતદાર યાદીમાં નાગરિક-મતદાતાના નામ સાથે આધાર લીંક કરવાની સુવિધા ઉપલબ્ધ છે. તા.૦૧.૦૧.૨૦૨૫ના રોજ ૧૮ વર્ષ કે તેથી વધુ વય ધરાવતા હોય તેવા ભારતીય નાગરિકો મતદાર યાદીમાં તેમના નામની નોંધણી કરાવી શકશે. આથી, અમરેલી જિલ્લાના વધુમાં વધુ નાગરિકોને મતદાતા યાદી સુધારણા કાર્યક્રમનો લાભ લેવા અમરેલી જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

## ચલાલામાં હરિરામ બાપા ચોકમાં ગુંદી-ગાંઠીયા પ્રસાદીનું અવિરત વિતરણ

ચલાલા, તા.૨૨



ચલાલામાં લોહાણા મહાજન દ્વારા ગાયત્રી સંસ્કાર ધામના સહયોગથી હરિરામ બાપા ચોકનું નિર્માણ કરી સંતો-મહંતો અને મહાનુભાવો સાથે જિલ્લાભરના લોહાણા મહાજનો અને હરિરામબાપા પરિવારની ઉપસ્થિતિમાં ખૂબ ભાવ સાથે રંગેચંગે લોકાર્પણ કરાયું હતું. ત્યારથી દર બુધવારે પ્રવિણભાઈ શ્રોફ દ્વારા અને દર ગુરુવારે ગાયત્રી સંસ્કાર ધામ દ્વારા ગુંદી ગાંઠીયા પ્રસાદીનું અવિરત વિતરણ ચાલું છે.

## અમરેલી આઈટીઆઈ ખાતે તા.૨૭મીએ રોજગાર ભરતી મેળાનું કરાયું આયોજન

અમરેલી,તા.૨૨

અમરેલી જિલ્લા રોજગાર વિનિમય કચેરી દ્વારા અનુબંધમ વેબપોર્ટલના માધ્યમથી તા.૨૭ નવેમ્બર,૨૦૨૪ ને બુધવારના રોજ રોજગાર ભરતી મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. અમરેલી જિલ્લાના એકમો માટે ખાલી છે તેવી વિવિધ જગ્યાઓ માટે ૧૮ થી ૩૫ વર્ષની વયમર્યાદા, ધો.૦૭ થી ધો.૧૨ પાસ તેમજ સ્નાતકની શૈક્ષણિક લાયકાત ધરાવતા રોજગાર ઈચ્છુકોએ અમરેલી ઔદ્યોગિક તાલીમ સંસ્થા (આઈ.ટી.આઈ કેમ્પસ) ખાતે તા.૨૭મીએ સવારે ૧૧ વાગ્યે ઉપસ્થિત રહેવું. ભરતી મેળામાં ભાગ લેવા માટે અનુબંધમ વેબપોર્ટલના માધ્યમથી રજિસ્ટ્રેશન લીંક https://anubandham.gujarat.gov.in/account/signup પર નોંધણી થયા બાદ પોર્ટલ પર login કરી પોર્ટલ જોબફેરના મેનુમાં ક્લીક કરી જરુરી વિગત ભર્યા બાદ જોબફેરમાં ભાગ લઈ શકાશે. ભરતી મેળામાં ભાગ લેવા માટે આધાર કાર્ડ તેમજ શૈક્ષણિક લાયકાતના તમામ દસ્તાવેજો સાથે જોબસીકર તરીકે નોંધણી કરાવવી ફરજિયાત છે. આ અંગેની વધુ વિગતો અને માર્ગદર્શન માટે અમરેલી જિલ્લા રોજગાર વિનિમય કચેરીનો સંપર્ક કરવો, તેમ અમરેલી જિલ્લા રોજગાર અધિકારીએ એક યાદીમાં જણાવ્યું છે.

## ઉના-રાજુલા હાઈવે પર અમર હોટલ પાસે ફોરવ્હીલમાંથી દારૂની ૬૬ બોટલ મળી

અમરેલી, તા.૨૨

ઉના-રાજુલા હાઈવે પર અમર હોટલ પાસે ફોરવ્હીલમાંથી પોલીસે દારૂની ૬૬ બોટલ ઝડપી પાડી હતી. મહુવામાં રહેતા સંજયબાઈ નરશીભાઈ સાંખટ ફોરવ્હીલ લઈને પસાર થતા હતા ત્યારે અટકાવીને તલાશી લેતા ફોરવ્હીલમાંથી ભારતીય બનાવટના વિદેશી દારૂની વિવિધ બ્રાંડની ૬૬ બોટલ મળી આવી હતી. પોલીસે દારૂની બોટલ અને કાર મળી કુલ ૪,૬૪,૮૯૪ રૂપિયાનો મુદામાલ જપ્ત કર્યો હતો. ધારી-સરસીયા રોડ વેકરાળા નદીના પુલ પાસેથી એક યુવક પાસેથી ભારતીય બનાવટના વિદેશી દારૂની ૬ બોટલ મળી હતી.






## નાના માચીયાળા ગામે જમવાનું બનાવવા મુદ્દે પત્ની સાથે માથાકૂટ થતાં પતિએ દવા પીધી

અમરેલી, તા.૨૨

અમરેલીના નાના માચીયાળા ગામે વાડીએ એક પતિએ તેની પત્નીને વહેલું જમવાનું બનાવવાનું કહેતા બંનેમાં માથાકૂટ થઈ હતી. જેને લઈ પતિને લાગી આવતાં ઝેરી દવા પીધી હતી. નાના માચીયાળા ગામે ચતુરભાઈ ખરાડાની વાડીમાં કામ કરતાં અજયભાઈ મનુભાઈ સંગોળ (ઉ.વ.૨૨) એ જાહેર કર્યા મુજબ, વાડીમાં કપાસ વીણવાનું કામ કરતા હતા તે વખતે તેની પત્નીને જમવાનું વહેલું બનાવવાનું કહેતા બોલાચાલી થઈ હતી. જેથી મનમાં લાગી આવતાં ઝેરી દવા પી લેતાં સારવારમાં મોત થયું હતું. અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના એએએસઆઈ બી. ડી. અમરેલીયા વધુ તપાસ કરી રહ્યા છે.









**-//એકિઝકયુટિવ મેજીસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી//-**

અપીલ રજી નં.૯૦/૨૦૨૪

**અરજદાર :-** શ્રી રમણીકભાઈ વિરજીભાઈ કાછડિયા
રહે.ટીંબલા, તા.જિ.અમરેલી

-: વિરૂધ્ધ :-

**સામાવાળા :-** જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી,
-વ-
તલાટી -કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી,
મુ.ટીંબલા, તા.જિ.અમરેલી.

**::જાહેર નોટીસ::**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના ટીંબલા ગામના રમણીકભાઈ વિરજીભાઈ કાછડિયા તેઓના પુત્રી ચંદ્રિકાબેન રમણીકભાઈ કાછડિયાની જન્મ તા.૦૧/૦૬/૧૯૭૭ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવું. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા. ૧૪/૧૧/૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટના સિકકા કરી આપ્યા.

કોર્ટનો સિક્કો

સહી
એકિઝકયુટિવ મેજિસ્ટ્રેટ
અમરેલી ગ્રામ્ય









**મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કોર્ટમાં**

**-:જાહેર નોટીસ:-**

નં.જન્મ નોંધણી/અરજી નં.૨૨૯/૨૦૨૪

**અરજદારશ્રી:-** ૧. વિઠલભાઈ રામભાઈ પટેલ
રહે.એ-૨ યોગી હાઈટસ, યોગી આર્કેટની સામે, યોગી ચોક, પુણાગામ,સુરત

**વિરૂધ્ધ**

**સામાવાળા:-** ૧. તલાટી કમ મંત્રીશ્રી બાઢડા તા.સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા જાહેર નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીનો પોતાનો જન્મ તા.૦૧/૦૬/૧૯૬૦ ના રોજ મુ.બાઢડા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયતના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. તો સદર અરજીના અનુસંધાને જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોઈ તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી દિન-૩૦ માં પોતે અથવા વકીલ મારફતે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટની કચેરી સાવરકુંડલા ખાતે જરૂરી આધાર-પુરાવા સાથે વાંધો રજુ કરવો.જો ઉપર દર્શાવેલ સમયગાળામાં વાંધો નહી આવે તો આગળની ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી.

આજ તા. ૨૨/૧૦/૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીક્કો કરી આપ્યો.

સહી,
મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ
સાવરકુંડલા




# અમરેલી શહેરમાં આજે બીએપીએસ સ્વામિનારાયણ મંદિર ખાતે માતૃ સંમેલન

**માતૃત્વને સાર્થક બનાવવા માટે બાલિકા પ્રવૃત્તિ મધ્યસ્થ કાર્યાલય દ્વારા આયોજન**

અમરેલી,તા.૨૨

અમરેલીમાં બીએપીએસ સ્વામિનારાયણ મંદિર ખાતે આજે શનિવારે બીએપીએસ બાલિકા પ્રવૃત્તિ આયોજીત માતૃ સંમેલનનું આયોજન કરવામાં આવ્યું છે. પ્રમુખ સ્વામી મહારાજે પણ કહ્યું હતું કે સંતાન ઘડતરમાં જેવુ માતા કરી શકે તેવુ કોઈ ન કરી શકે. આહાર, વિહાર અને વિચાર સંયમમાં હોય તો જ શ્રેષ્ઠ સંતાન જન્મે. એક માતા તરીકે આપણે સંતાનોના ઘડતર માટે સંતાનની દરેક જરૂરીયાતો પુરી કરીએ, મનગમતી વસ્તુ કે વાનગી લાવી આપીએ, તેઓની ઈચ્છાઓ પુરી કરીએ. પરંતુ આપણી આ મમતા કયાંક મહાવિનાશ તો નથી નોતરી રહી ને ?. શું આપણા માતૃત્વમાં કયાંક ખામી તો નથી રહી જતી ને ?. આ તમામ પ્રશ્નોના જવાબ માટે આપણા માતૃત્વને વધુ ઉંચાઇ આપવા અને માતૃત્વને સાર્થક બનાવવા માટે બાલિકા પ્રવૃત્તિ મધ્યસ્થ કાર્યાલય દ્વારા માતૃ સંમેલનનું આયોજન કરાયુ છે. જેનો વિષય છે મમતા કે મહાવિનાશ ?. આ માતૃ સંમેલન તારીખ ૨૩ને શનિવારે સાંજે ૪ થી ૬ બીએપીએસ સ્વામિનારાયણ મંદિર ખાતે યોજાશે.

# લાઠીના ભાલવાવથી નાના ચારોડીયા સુધીના રોડને રૂ. ૩ કરોડના ખર્ચે ડામરનો બનાવાશે

**ધારાસભ્ય જનકભાઇ તળાવીયાએ સરકારમાં રજૂઆત કરી હતી**

લાઠી, તા.૨૨

લાઠી તાલુકાના ભાલવાવથી નાના ચારોડીયા ગામ સુધીના કાચા રસ્તાને રૂ. ૩ કરોડના ખર્ચે ડામરનો બનાવવાની સરકારે મંજૂરી આપી છે. તાજેતરમાં લાઠી-બાબરાના ધારાસભ્ય જનકભાઈ તળાવીયાએ આ રોડ બનાવવા માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલને રજૂઆત કરી હતી. આ સાથે અનેક નવા ડામર રોડ બનાવવાના કામો મંજૂર કરવામાં આવેલ છે. આ તમામ નવા પાકા ડામર રોડના કામો મંજૂર થતા સ્થાનિક લોકોમાં ખુશી વ્યાપી છે. લોકોએ ધારાસભ્ય જનકભાઈ તળાવીયા અને



સાંસદ ભરતભાઈ સુતરીયાનો આભાર માન્યો હતો. જિલ્લા પંચાયત હસ્તકના રસ્તા, હયાત નાળા અને કોઝવે બન્યાને વર્ષો થઈ ગયા હોવાથી બધા જ નાળા અને પુલિયાને નવા બનાવવા કે રીપેર કરવાની જરૂરિયાત ઊભી થવાથી જે બાબતને ગંભીરતાપૂર્વક હાથ પર લઈ આ બંને નેતાઓએ મુખ્યમંત્રીને રૂબરૂ મળીને રજૂઆત કરેલ. આ રજૂઆતને પગલે રાજય સરકારે આવા અનેક કામોની ગંભીરતા સમજીને મંજૂરી આપી છે.

# અમરેલીમાં રસ્તામાં ચાલવા મુદ્દે મુંઢમાર મારીને જાનથી મારવાની ધમકી આપી

અમરેલી, તા.૨૨

અમરેલી શહેરમાં રસ્તામાં ચાલવાનું મનદુઃખ રાખી મહિલાને ગાળો બોલી, મુંઢમાર માર્યો હતો. તેમજ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. બનાવ અંગે નસીમબેન મહેબુબભાઈ મલેક (ઉ.વ.૪૦)એ મુમતાજબેન દિલાવરભાઈ મલેક, નગમાબેન અકીલભાઈ મલેક, અકીલભાઈ દિલાવરભાઈ મલેક તથા ફિરોજભાઈ જમિયતભાઈ પઠાણ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, આરોપીઓ સાથે રસ્તામાં ચાલવા બાબતે બોલાચાલી થઈ હતી. જેનું મનદુઃખ રાખી ગાળો બોલી, મુંઢમાર માર્યો હતો અને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

અમરેલી સિટી પોલીસ સ્ટેશનના એએસઆઈ એન.બી. ગોહીલ વધુ તપાસ કરી રહ્યા છે.

# 'તેરા તુજકો અર્પણ' લીલીયા પોલીસે યુવકનો ગુમ થયેલો મોબાઈલ પરત કર્યો

અમરેલી, તા.૨૨

લીલીયા પોલીસ સ્ટેશનના મિલ્કત ગુમની અરજીઓ અનુસંધાને લીલીયા પોલીસ ટીમ દ્વારા સઘન અભ્યાસ કરી ટેક્નીકલ સોર્સ તથા હ્યુમન સોર્સની મદદથી ગુમ થયેલ મિલ્કત શોધી મૂળ માલિકને પરત કરી 'તેરા તુજકો અર્પણ' કાર્યક્રમ લીલીયા પોલીસ ટીમે સાર્થક



કર્યો હતો. જેમાં અમુલભાઈ ભાયાભાઈ પડશારીયા ઉ.વ.૨૨ ધંધો.માલધારી રહ.વાઘણીયા તા.લીલીયા મોટા જી.અમરેલી નાઓનો એન્ડ્રોઈડ મોબાઈલ ફોન ગઈ તા.૧૦/૧૦/૨૦૨૪ ના રોજ પીપળવા ગામથી વાઘણીયા ગામ વચ્ચે ચાલુ બાઈક ઉપરથી પડી જતા ગુમ થયેલ હોય જે મોબાઈલ ફોન રેડમી કંપનીનો બ્લુ કલરનો નોટ-૧૨ મોડલનો કિં.રૂ.૧૦,૦૦૦/- નો હોય જે મોબાઈલ ફોન શોધી મૂળ માલિક અમુલભાઈ ભાયાભાઈ પડશારીયાને પરત કરવામાં આવ્યો હતો.

# જાફરાબાદ સામાકાંઠામાંથી ઝોલાછાપ ડોક્ટર ઝડપાયો

જાફરાબાદ, તા.૨૨

અમરેલી જિલ્લામાં બોગસ તબીબોનો રાફડો ફાટ્યો હોય તેમ છેલ્લાં થોડા સમયથી ક્યાંકને ક્યાંક ઝોલાછાપ ડોક્ટર ઝડપાઈ રહ્યા છે. જાફરાબાદ સામાકાંઠા વિસ્તારમાંથી આવો જ એક બોગસ તબીબ ઝડપાયો હતો. જાફરાબાદ તાલુકા હેલ્થ ઓફિસર મયુરભાઈ ભાણજીભાઈ ટાંક (ઉ.વ.૩૪)એ મુખત્યારસુહૈન ગુલામહુસૈન શેખ (ઉ.વ.૬૪) સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, આરોપીએ પોતાની પાસે એલોપેથીક સારવાર કરવા માટેની કોઈપણ સરકાર માન્ય ડિગ્રી વગર કલીનીક ચલાવી દર્દીઓ પાસેથી ફી વસુલી સારવાર આપી, પૈસા વસુલ કરી ડોકટરની રજી.મેડિકલ પ્રેકટીશનરને લગતી ડિગ્રી ન હોવા છતાં એલોપેથીક દવાઓ તથા મેડિકલને લગત સાધન સામગ્રી વસ્તુ નંગ-૨૫૮, મજકુર ઈસમે દર્દી પાસે સારવારના વસુલ કરેલ રોકડા રૂપિયા ૫૫૮૦ મળી કુલ રૂ.૨૦,૬૮૭નો મુદ્દામાલ મળી આવ્યો હતો. જાફરાબાદ મરીન પોલીસ સ્ટેશનના પીએસઆઈ એ.એમ. રાધનપરા વધુ તપાસ કરી રહ્યા છે.

# રાજુલાના ખાખબાઈ જામવાળી ખોડિયાર ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો

રાજુલા,તા.૨૨

રાજુલા તાલુકાના ખાખબાઈ જામવાળી ખોડિયાર ખાતે દયાળુ બાપુની જગ્યામાં ૧૪/૧૧/૨૦૨૪ના રોજ મહંત શ્રી અયોધ્યા બાપુ દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં અમરેલી જિલ્લા કોળી સેવા સમાજ પ્રમુખ રમેશભાઈ એસ. ગોહિલ, ચંદુભાઈ જી. કાતરીયા આહિર સમાજ આગેવાન,



વલ્લભભાઈ વઘાસીયા પૂર્વ ટ્રસ્ટી બાળ હનુમાન મંદિર, જયુભાઈ ભદોરીયા અમરેલી, ઈશ્વરભાઈ કાબરીયા, અમરેલી હાજર રહ્યા હતા. મહંત અયોધ્યા બાપુએ દયાળુ બાપુની જગ્યામાં વૃક્ષોનું રક્ષણ થાય તેવું જણાવેલ હતું.

# ખાંભાના જામકા ગામે 'ગાયને પથ્થર શું કામ માર્યો' કહેતા જાનથી મારવાની ધમકી આપી

**યુવકને ગાળો પણ આપી**

ખાંભા, તા.૨૨

ખાંભાના જામકા ગામે રહેતા એક યુવકે 'ગાયને પથ્થર શું કામ માર્યો' તેમ કહેતા તેને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. બનાવ અંગે હમીરભાઈ ભુપતભાઈ બારૈયા (ઉ.વ.૨૫) એ ટપુભાઈ ઉકાભાઈ મકવાણા, કાળાભાઈ ખાટાભાઈ મકવાણા, ખાટાભાઈ ઉકાભાઈ મકવાણા તથા આતુભાઈ ઉકાભાઈ મકવાણા સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, ટપુભાઈ ઉકાભાઈ મકવાણાનું ખેતર રોડને અડીને આવ્યું હતું. તેમની ગાયે આરોપીના ખેતરે શેઢામાંથી ઘાસ ખાધું હતું. જેથી આરોપીએ ગાયને પથ્થર મારતાં તેણે 'ગાયને પથ્થર શું કામ માર્યો' તેમ કહેતા સારું નહોતું લાગ્યું અને જેમફાવે તેમ ગાળો આપી, બોલાચાલી કરી હતી અને તેની પાસે રહેલા લોખંડના પાઈપ વડે કપાળના ભાગે એક ઘા મારી સામાન્ય ઈજા પહોંચાડી હતી. તે દરમિયાન તેના પિતા આવી વચ્ચે પડતા આરોપીઓ બંનેને ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ખાંભા પોલીસ સ્ટેશનના એએસઆઈ બી.એમ. વાળા વધુ તપાસ કરી રહ્યા છે.

# માંગવાપાળથી અમરેલી રોડ ઉપર પાણીના ટાંકાની ફેક્ટરી પાસે બે ટુવ્હીલની ટક્કર

અમરેલી, તા.૨૨

અમરેલી જિલ્લામાં વાહન અકસ્માતની ઘટના સતત વધી રહી છે. માંગવાપાળથી અમરેલી રોડ ઉપર પાણીના ટાંકાની ફેક્ટરી પાસે બે ટુવ્હીલની ટક્કર થઈ હતી. જેમાં કોઈ જાનહાનિ થઈ નહોતી. બનાવ સંદર્ભે કુંકાવાવના કોલડા ગામે રહેતા લાખાભાઈ ગેલાભાઈ વાઘેલા (ઉ.વ.૫૨)એ મતીરાળા ગામે રહેતા ભરતભાઈ મનસુખભાઈ વામજા સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેઓ પોતાની મોટર સાયકલ લઈને કોલડા ગામથી અમરેલી આવતા હતા ત્યારે માંગવાપાળથી અમરેલી વચ્ચે રોડ ઉપર આવેલ પાણીના ટાંકાની ફેક્ટરી પાસે પહોચતા સામેથી આરોપી ટુવ્હીલ ચલાવીને આવ્યા હતા અને આગળ જતી ફોરવ્હીલને ઓવરટેક કરી રોંગ સાઈડમાં આવી તેમની સાથે ભટકાવી હતી. જેમાં તેમને ઈજા થઈ હતી. અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના એએસઆઈ એમ.ડી. રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.

# આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૦, તિથિ: આઠમ
તા. ૨૩-૧૧-૨૦૨૪, શનિવાર, સૂર્યોદય-૦૬:૫૦,
સૂર્યાસ્ત-૦૫:૨૪, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: માઘ

## દૈનિક રાશિફળ

તા.૨૩-૧૧-૨૦૨૪ શનિવાર

મેષ: આજનો દિવસ તમારા માટે અનુકૂળ પરિણામ આપવાનો છે. તમે સ્પર્ધાના ક્ષેત્રે આગળ વધશો અને જે કામ ઘણા દિવસોથી અટકેલું છે તે આજે પૂર્ણ થશે.

વૃષભ: આજનો દિવસ તમારા માટે વ્યસ્ત પરંતુ ફાયદાકારક સાબિત થઈ શકે છે. આજે ઘરની વસ્તુઓ ખરીદવામાં સમય લાગી શકે છે.

મિથુન: આજે તમને ગ્રહોની શુભ સ્થિતિને કારણે મોટી રકમ મળશે અને અટકેલા કામ પૂરા થતા મનમાં સંતોષ થશે. વ્યાવસાયિક યોજનાઓમાં વેગ મળશે.

કર્ક: આજનો દિવસ તમારા માટે શુભ ફળ આપનારો છે અને પિતાના અને ઉચ્ચ અધિકારીઓના આશીર્વાદથી કોઈ કિંમતી ચીજવસ્તુ અથવા સંપત્તિ મેળવવાની ઇચ્છા આજે પૂર્ણ થશે.

સિંહ: તમારા માટે આજનો દિવસ સારો છે અને તમને અન્યની મદદ કરવામાં વધુ આનંદ મળે છે. કાર્યક્ષેત્રમાં પણ તમારા પક્ષમાં કેટલાક ફેરફાર થઈ શકે છે.

કન્યા: આજનો દિવસ આનંદદાયક છે. પરિવાર સાથે સારો સમય પસાર કરશો. આજે તમે તમારી પત્ની અને બાળકો સાથે સર્જનાત્મક કરશો.

તુલા: આજનો દિવસ ખાસ રહેશે અને તમારા વિવાહિત જીવનમાં ખુશીઓ વધશે. આજે મુસાફરી થઈ શકે છે, પરંતુ સલામતીનું ખાસ ધ્યાન રાખો.

વૃશ્ચિક: આજે તમે જે કાર્યો તમે વિચાર્યા હતા તે પૂર્ણ કરી શકશો. આર્થિક સ્થિતિ પહેલા કરતા સારી રહેશે. વ્યવસાયમાં પરિવર્તનની યોજના છે.

ધન: આજનો દિવસ તમારા માટે સારા પરિણામ આપવાનો છે. નાણાકીય પક્ષ મજબૂત રહેશે. અટકેલા કામો પૂરા થશે અને ખ્યાતિ વધશે.

મકર: આજે અચાનક શરીરના દુઃખાવાને લીધે વધુ ખર્ચ કરવાની સ્થિતિ આવી શકે છે. પાછળથી દગો થઈ શકે છે.

કુંભ: આજે તમે તમારા હરીફો માટે માથાનો દુઃખાવો સમાન રહેશો. તમારા જીવનસાથીની યોગ્ય સલાહ મેળવીને તમે આજે મહત્વપૂર્ણ નિર્ણય લઈ શકો છો.

મીન: આજનો દિવસ શુભ છે અને શિક્ષણ-સ્પર્ધાના ક્ષેત્ર સાથે જોડાયેલા લોકોને વિશેષ સિદ્ધિઓ મળશે. આવકના નવા સ્ત્રોત સર્જાશે.

# લાઠીના કરકોલીયા ગામે ખેડૂતને દુ:ખ દર્દ દૂર કરવાનું કહી વિધિના બહાને સોનાની વીંટી પડાવી લીધી

**ગિરનારી સાધુ હોવાનું કહી ગઠીયા ભેટી ગયા**

બાબરા, તા.૨૨

લાઠીના કરકોલીયા ગામે રહેતા એક ખેડૂતને દુઃખ-દર્દ, આર્થિક મુશ્કેલી દૂર થઈ જશે તેમ કહી વિશ્વાસમાં લીધા બાદ સોનાની વિંટી વિધિ કરવાના બહાને પડાવી લીધી હતી. બનાવ અંગે માયાભાઈ વાઘાભાઈ વરૂ (ઉ.વ.૪૮)એ સુરેન્દ્રનગરના થાન તાલુકાના સારસાણા ગામના નનુનાથ ઉર્ફે મુન્નાભાઈ ઝવેરનાથ સોલંકી તથા મોરબીના વાંકાનેર તાલુકાના મોટા ભોજપરા વાદી વસાહતમાં રહેતા સુરજનાથ ઝવેરનાથ સોલંકી સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેઓ પોતાની મોટર સાયકલ લઈને કરકોલીયા ગામથી ખાખરીયા ગામે તેના વેવાઈને ત્યાં જતા હોય ત્યારે ગળકોટડી ગામ પાસે પહોંચતા એક ફોરવ્હીલ ગાડીએ હોર્ન મારી ઉભો રખાવ્યો હતો. તેમાં રહેલા ડ્રાઈવર અને એક સાધુ બન્નેએ રસ્તામાં ક્યાંય શિવ મંદિર છે તે બાબતે વાતચીત કરી ગિરનારી સાધુ હોવાનું જણાવી તમારૂ દુઃખ-દર્દ, આર્થિક મુશ્કેલી દુર થઈ જશે તેવો વિશ્વાસ આપતા તેમણે સાધુને રૂ.૧૦ ની નોટ આપી હતી. જેથી સાધુએ રૂદ્રાક્ષનો પારો ૧૦ની નોટમાં વિંટાળી પરત આપી ત્યારબાદ આ સાધુએ તેનો મોબાઈલ ફોન માંગતા તેના પર રૂદ્રાક્ષના પારા જેવી વસ્તુ ફેરવી મોબાઈલ ફોન પરત આપ્યો હતો. તેમને વિશ્વાસમાં લઈ જમણા હાથની આગળીમાં પહેરેલ સોનાની વિંટી આશરે ૭ ગ્રામની કિં.રૂ.૫૮,૦૦૦ વિધિ કરવાના બહાને લઈને જતા રહ્યા હતા. બાબરા પોલીસ સ્ટેશનના એએસઆઈ પી.એ. ગોહીલ વધુ તપાસ કરી રહ્યા છે.

# લાઠીના ધામેલ ગામે બાવળની કાંટમાં જુગાર રમતાં ૩ ઝડપાયા

લાઠી, તા.૨૨

લાઠીના ધામેલ ગામેથી બાવળની કાંટમાંથી પોલીસે ત્રણ ઈસમોને જુગાર રમતાં ઝડપી લીધા હતા. દિનેશભાઈ અશોકભાઈ વાઘેલા (ઉ.વ.૨૪), બાવકુભાઈ બાદલભાઈ વાઘેલા તથા ભરતભાઈ કાળુભાઈ વાઘેલા (ઉ.વ.૪૪) નદીના કાંઠે બાવળની કાંટમાં જુગાર રમતાં રોકડા ૨૫૫૦ સાથે ઝડપાયા હતા.







તંત્રી લેખ

# અદાણી, મોદી વિરૂદ્ધ નિવેદનો હાલ અર્થહીન

વિરોધ પક્ષો મોદી અદાણી વિરૂદ્ધ બેફામ નિવેદનો કરવામાં જરાય પાછીપાની કરતા નથી. રાષ્ટ્રની પ્રગતિમાં સિંહફાળો આપનાર અદાણી ગ્રુપ પર અમેરિકામાં છેતરપિંડી અને લાંચનો કેસ થયો આનાથી કોંગ્રેસ અને તેના સાથી પક્ષો ગેલમાં આવી ગયા. અને રાહુલ ગાંધીએ તો તરત જ તે નિવેદન આપ્યું કે ગૌતમ અદાણીની તાત્કાલિક ધરપકડ કરવી જોઈએ. આવા બેજવાબદાર નિવેદનથી સનસનાટી ફેલાઈ ગઈ કારણકે અદાણી પર માત્ર આરોપ છે. તેઓ હજી દોષિત જાહેર થયા નથી તે પહેલા આવું નિવેદન આપવું યોગ્ય ન ગણાય. અમેરિકામાં ભારતનાં ઉદ્યોગપતિ ગૌતમ અદાણી પર લગાવવામાં આવેલા લાંચ રુશવતનાં આરોપો અને કરવામાં આવેલા કેસ પછી કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ તત્કાળ ગૌતમ અદાણીની ધરપકડ કરવા માગણી કરી હતી. તેમણે કહ્યું કે રૂ. ૨.૨૩૬ કરોડનું કૌભાંડ આચરીને પણ તેઓ ખુલ્લેઆમ બહાર ફરી રહ્યા છે. કારણ કે પીએમ મોદી તેમને રક્ષણ આપી રહ્યા છે. રાહુલે કહ્યું કે મોદી - અદાણી એક હૈ તો સેફ હૈ. ભારતમાં જો કોઈ સીએમ રૂ. ૧૦-૧૫ કરોડનું કૌભાંડ કરે તો તેમને જેલમાં પૂરવામાં આવે છે ત્યારે રૂ. ૨,૨૩૬ કરોડનું કૌભાંડ કરનાર અદાણી સામે કોઈ પગલાં લેવાતા નથી. અદાણી ભારતનાં સંસાધનો પર કબજો જમાવી રહ્યા છે. દેશની પ્રતિષ્ઠા ખરડાવી રહ્યા છે. ગૌતમ અદાણીએ અમેરિકામાં ક્રાઈમ કર્યો છે પણ ભારતમાં તેમની સામે કોઈ પગલાં લેવામાં આવતા નથી. અદાણીના પ્રોટેક્ટર સેબીનાં ચેરપર્સન માધવી બૂચ સામે પણ કેસ કરવો જોઈએ. ન્યૂયોર્કની ફેડરલ કોર્ટમાં થયેલી સુનાવણી પછી ગૌતમ અદાણી સહિત ૮ લોકો સામે અબજોની છેતરપિંડી અને લાંચ રુશવતનાં સંદર્ભમાં કેસ કરાયો છે.અદાણી ગ્રુપ સામે કયા સંદર્ભમાં કેસ કરવામાં આવ્યો છે તેની વિગત જાણવી જરૂરી છે .અમેરિકાની કોર્ટે આરોપ લગાવ્યો છે કે અદાણી અને તેમનાં ભત્રીજા સાગર દ્વારા ૨૦૨૦થી ૨૦૨૪ વચ્ચે-સોલર એનર્જી કોન્ટ્રેક્ટ મેળવવા માટે ભારતીય અધિકારીઓને ૨૫૦ મિલિયન ડૉલરની લાંચ આપવામાં આવી હતી. આ કોન્ટ્રાક્ટથી અદાણી ગ્રૂપને ૨ અબજ ડૉલરનો નફો થવાનો હતો. અદાણી ગ્રૂપે સ્પષ્ટતા કરી છે કે અદાણી ગ્રીન એનર્જીનાં ડાયરેક્ટર્સ સામે લગાવવામાં આવેલા તમામ આરોપો નિરાધાર અને તથ્યહીન છે. અમેરિકાના ન્યાય વિભાગે સ્પષ્ટ કર્યું છે કે હાલ આ તમામ ફક્ત આરોપો છે. આરોપી દોષિત ન ઠરે ત્યાં સુધી તેમને નિર્દોષ માનવામાં આવશે. અદાણી ગ્રૂપના પ્રવક્તાએ કહ્યું કે આ કેસમાં અમે શક્ય તમામ કાયદાકીય સલાહ લઈને યોગ્ય પગલાં લઈશું. અદાણી ગ્રુપ તેનાં સમગ્ર કાર્યક્ષેત્રમાં અને કામકાજમાં નિયમનકારી ધારાધોરણોનું પાલન કરવા સાથે સંચાલનની ઉચ્ચ ગુણવત્તા સંપૂર્ણ પારદર્શક્તા સાથે જાળવવા પ્રતિબદ્ધ છે. તેઓ કહે છે કે અમારા શેરહોલ્ડર્સ, ભાગીદારો અને કર્મચારીઓને ખાતરી આપીએ છીએ કે અમારું ગ્રૂપ કાયદાને વરેલું છે અને તમામ કાનૂની પ્રક્રિયાની પરિસીમામાં રહીને કામકાજ કરવા બંધાયેલું છે. કોંગ્રેસના આક્ષેપો સામે ભાજપે પલટ વાર કરતા કહ્યું કે ભારતની વિકાસયાત્રાને કોઈ અટકાવી નહીં શકે તે હકીકત છે.

# ભારત ઈન્વેસ્ટમેન્ટ હબ બની રહ્યું છે

છેલ્લા કેટલાક વર્ષોમાં, ભારત એક બિઝનેસ સેન્ટર તરીકે ઉભરી આવ્યું છે જ્યાં વિશ્વની મોટાભાગની કંપનીઓની નજર છે. ઝડપથી વિકસતી અર્થવ્યવસ્થા, વિશાળ ઉપભોક્તા બજાર અને યુવા વસ્તીએ ભારતને આંતરરાષ્ટ્રીય વેપાર માટે એક મહત્વપૂર્ણ સ્થળ બનાવ્યું છે. અહીંનો ટેક્નોલોજીકલ વિકાસ, સ્ટાર્ટઅપ કલ્ચર અને સરકારી સુધારાએ પણ રોકાણકારોનું ધ્યાન આકર્ષિત કર્યું છે. વિશ્વભરની કંપનીઓ ભારતમાં માત્ર તેમના ઉત્પાદનો વેચવાની તક જોઈ રહી નથી, પરંતુ અહીંના સંસાધનો અને માનવીય ક્ષમતાનો પણ લાભ લેવા માંગે છે. પરંતુ શું આ એકમાત્ર પાસાઓ છે જે ભારતને સૌથી વધુ પસંદગીનું રોકાણ સ્થળ બનાવે છે? આ અહેવાલમાં, ચાલો વિગતવાર સમજીએ કે ભારત તરફ કંપનીઓના આ વધતા ઝોકનું કારણ શું છે? સમગ્ર વિશ્વ ભારત સાથે વેપાર કરવા માંગે છે. તાજેતરમાં વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પિયુષ ગોયલે પણ એક નિવેદનમાં આ વાતનો ઉલ્લેખ કર્યો હતો અને કહ્યું હતું કે, "આજના સમયમાં આખું વિશ્વ ભારત સાથે વેપાર કરવા માંગે છે. તેમણે આ દેશોના ભારત પ્રત્યેના રસનું કારણ જણાવ્યું. પિયુષ ગોયલના જણાવ્યા અનુસાર તેનું મુખ્ય કારણ ભારતના મજબૂત ફંડામેન્ટલ્સ છે, જેમાં ફુગાવો નિયંત્રણ, વિદેશી મુદ્રા ભંડારમાં વધારો અને સ્થિર આર્થિક વૃદ્ધિનો સમાવેશ થાય છે. ભારતની આર્થિક સ્થિતિમાં છેલ્લા કેટલાક વર્ષોમાં ઘણા સકારાત્મક ફેરફારો થઈ રહ્યા છે, જે તેને વૈશ્વિક રોકાણ માટે આકર્ષક સ્થળ બનાવે છે. સરકારની નીતિઓ અને સુધારાઓના પરિણામે, દેશનો આર્થિક વિકાસ દર સતત વધી રહ્યો છે, અને આના કારણે ભારત એક સ્થિર અને વિશ્વસનીય બજાર તરીકે સ્થાપિત થયું છે. તાજેતરમાં, ભારતે ૭૦૦ અબજ ડોલરથી વધુના વિદેશી મુદ્રા ભંડારને વટાવી દીધો છે. આ દર્શાવે છે કે દેશની આર્થિક સ્થિતિ કેટલી મજબૂત છે. તમને જણાવી દઈએ કે ફોરેન એક્સચેન્જ રિઝર્વ એ પૈસાનો સંગ્રહ છે જે કોઈ દેશની વિદેશી મુદ્રાઓ જેમ કે ડોલર, યુરો અને પાઉન્ડમાં હોય છે. તે કેન્દ્ર સરકાર અથવા કેન્દ્રીય બેંક દ્વારા તેના દેશના અર્થતંત્રને સ્થિર રાખવા માટે રાખવામાં આવે છે. જ્યારે કોઈ દેશને અન્ય દેશોમાંથી માલ ખરીદવાનો હોય છે, જેમ કે તેલ અથવા અન્ય આવશ્યક ચીજવસ્તુઓ, ત્યારે તેણે તે દેશોના ચલણમાં ચૂકવણી કરવી પડે છે. આ સ્થિતિમાં, જો દેશ પાસે પર્યાપ્ત વિદેશી હૂંડિયામણ અનામત છે, તો તે સરળતાથી ચુકવણી કરી શકે છે. ફુગાવો એટલે માલ અને સેવાઓના ભાવમાં વધારો. જ્યારે તે વધે છે, ત્યારે લોકોને સામાન ખરીદવા માટે વધુ પૈસા ખર્ચવા પડે છે. આ તેમની ખરીદશક્તિ ઘટાડે છે, જે માત્ર ગ્રાહકોને જ નહીં પરંતુ વ્યવસાયો અને રોકાણકારોને પણ અસર કરે છે. ભારતમાં, સરકારે ફુગાવાને નિયંત્રણમાં રાખવા માટે ઘણા પગલાં લીધાં છે. આમાં નીતિગત ફેરફારોનો સમાવેશ થાય છે, જેમ કે વ્યાજ દરોને સમાયોજિત કરવા અને આવશ્યક ચીજવસ્તુઓની કિંમતોનું નિરીક્ષણ કરવું. જ્યારે સરકાર ફુગાવાને યોગ્ય રીતે નિયંત્રિત કરે છે, ત્યારે તે બજારમાં સ્થિરતા જાળવી રાખે છે અને જ્યારે ફુગાવો સ્થિર હોય છે, ત્યારે ગ્રાહકો તેમના બજેટ મુજબ સરળતાથી ખરીદી કરી શકે છે. તેઓ ચિંતા કરતા નથી કે આવતા મહિનામાં વસ્તુઓના ભાવ અચાનક વધી જશે. આ માન્યતા ગ્રાહકોને વધુ ખર્ચ કરવા અને આર્થિક પ્રવૃત્તિઓમાં ભાગ લેવા પ્રોત્સાહિત કરે છે. સ્થિર ફુગાવો પણ



પ્રાસંગિક
સુરેશ દેસાઈ

રોકાણકારો માટે સકારાત્મક સંકેત છે. જ્યારે તેમને વિશ્વાસ છે કે ભાવ સ્થિર રહેશે, ત્યારે તેઓ નવા વ્યવસાયોમાં રોકાણ કરવા તૈયાર છે. આનાથી અર્થતંત્રમાં રોકાણનું વલણ વધે છે, જે વિકાસ અને રોજગારીની તકોને પ્રોત્સાહન આપે છે. આમ, ફુગાવાને નિયંત્રણમાં રાખવું એ એક મહત્વ પૂર્ણ કાર્ય છે, જે બજારની સ્થિરતા અને આર્થિક વૃદ્ધિ માટે જરૂરી છે. જ્યારે સરકાર આ સફળતાપૂર્વક કરે છે, ત્યારે તે દરેક-ગ્રાહકો, વ્યવસાયો અને એકંદર અર્થતંત્ર માટે જીત છે. ભારતની વસ્તીનો મોટો હિસ્સો યુવાનોનો છે. આ યુવા વર્ગ માત્ર કાર્યક્ષમતા જ નથી વધારતો, પરંતુ નવા વિચાર અને નવીનતાનો સ્ત્રોત પણ છે. વિશ્વના અનેક ઉદ્યોગોમાં ભારતીય યુવાનોની માંગ વધી રહી છે. મતલબ કે વિદેશી કંપનીઓ માટે અહીં કુશળ શ્રમબળનું વિશાળ બજાર છે. ભારતમાં ટેક્નોલોજી ક્ષેત્રે છેલ્લા કેટલાક વર્ષોમાં જબરદસ્ત વિકાસ કર્યો છે. ભારતની સ્ટાર્ટઅપ સંસ્કૃતિને વૈશ્વિક સ્તરે ઓળખ મળી છે. ઘણા ભારતીય સ્ટાર્ટઅપ્સે વૈશ્વિક સ્તરે સફળતા હાંસલ કરી છે, જે વિદેશી રોકાણકારોને આકર્ષી રહ્યા છે. ટેકનોલોજીકલ ઈનોવેશન અને ડિજિટલ ટ્રાન્સફોર્મેશનમાં ભારતની ઝડપી વૃદ્ધિએ તેને રોકાણ માટે એક અનોખું સ્થળ બનાવ્યું છે. ભારત સરકારે વ્યવસાયને પ્રોત્સાહન આપવા માટે ઘણી નીતિઓ અને યોજનાઓ લાગુ કરી છે. "મેક ઈન ઈન્ડિયા" અને "ડિજિટલ ઈન્ડિયા" જેવી પહેલ વિદેશી રોકાણને આકર્ષી રહી છે. આ નીતિઓ માત્ર ભારતમાં ઉત્પાદનને પ્રોત્સાહન આપતી નથી, પરંતુ રોકાણકારો માટે અનુકૂળ વાતાવરણ પણ બનાવે છે. સરળ અને પારદર્શક નીતિઓને કારણે, રોકાણકારો હવે કોઈપણ ચિંતા વિના ભારતમાં રોકાણ કરી શકે છે. ભારત સરકારે ઈન્ફ્રાસ્ટ્રક્ચર સુધારવા પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. પરિવહન, ઉર્જા અને સંચાર જેવા ક્ષેત્રોમાં રોકાણ વધી રહ્યું છે. બહેતર ઈન્ફ્રાસ્ટ્રક્ચર બિઝનેસને સરળ બનાવે છે અને સમય બચાવે છે. જ્યારે ઈન્ફ્રાસ્ટ્રક્ચર મજબૂત હોય છે, ત્યારે તે વ્યવસાયિક પ્રવૃત્તિઓને વેગ આપે છે અને રોકાણકારો માટે આકર્ષણ વધે છે. ભારતમાં વિદેશી રોકાણનો પ્રવાહ પણ ઝડપથી વધી રહ્યો છે. છેલ્લાં કેટલાંક વર્ષોમાં વૈશ્વિક કંપનીઓએ ભારતમાં તેમનો બિઝનેસ વિસ્તાર્યો છે. આ રોકાણ માત્ર મૂડી જ નહીં, પણ નવી ટેકનોલોજી અને વ્યવસાયનો અનુભવ પણ લાવે છે. આનાથી ભારતીય ઉદ્યોગોમાં સ્પર્ધા વધે છે અને વિકાસની શક્યતાઓ વધે છે. ભારતનું ગ્રાહક બજાર વિશાળ છે. ૧.૪ બિલિયનથી વધુની વસ્તી સાથે, ગ્રાહકની વિવિધતા અને માંગનો વિશાળ સ્પેક્ટ્રમ છે. રોકાણકારો માટે આ એક આકર્ષક દરખાસ્ત છે. જ્યારે કંપનીઓ જુએ છે કે અહીં વેચાણની વિશાળ તક છે, ત્યારે તેઓ ચોક્કસ પણે ભારતમાં રોકાણ કરવાનું વિચારે છે. ભારતે તેની વૈશ્વિક સ્પર્ધાત્મકતા પણ વધારી છે. દેશના ઘણા ઉદ્યોગોએ આંતરરાષ્ટ્રીય ધોરણો અપનાવ્યા છે અને ગુણવત્તામાં સુધારો કર્યો છે. આ સ્પર્ધાત્મકતાએ વિદેશી રોકાણકારોનું ધ્યાન આકર્ષિત કર્યું છે, કારણ કે તેઓ ઉચ્ચ ગુણવત્તાવાળા ઉત્પાદનો અને સેવાઓની માંગ કરે છે. ભારત આજે એવા સ્થાને ઊભું છે જ્યાં રોકાણકારો માટે ઘણી તકો છે. મજબૂત આર્થિક આધાર, યુવા વસ્તી, તકનીકી નવીનતા અને સાનુકૂળ સરકારી નીતિઓ આ બધા સાથે મળીને તેને વિશ્વમાં સૌથી વધુ પસંદગીના રોકાણ સ્થળોમાંનું એક બનાવે છે. વૈશ્વિક સ્તરે વધતી સ્પર્ધા વચ્ચે, ભારતે પોતાને એક વિશ્વસનીય અને સ્થિર બજાર તરીકે સાબિત કર્યું છે. જેમ જેમ સમય પસાર થતો જશે તેમ તેમ આપણે અપેક્ષા રાખી શકીએ કે ભારત હજુ વધુ રોકાણ આકર્ષિત કરશે અને વૈશ્વિક આર્થિક વૃદ્ધિમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.

**તમામ ક્ષેત્રોમાં ભારત અગ્રેસર બની રહ્યું છે. સંરક્ષણ ક્ષેત્રથી માંડી ખેતીવાડીના ક્ષેત્ર સુધીમાં ભારત ઝડપભેર પ્રગતિ કરી રહ્યું છે. બીજી બાજુ વિશ્વભરમાં ભારતના વિકાસની તારીફ થઇ રહી છે. જ્યારે વિશ્વના બીજા દેશો માટે ભારત રોકાણકારો માટે સર્વોત્તમ ડેસ્ટિનેશન બની ચૂક્યું છે.**

# માર્કેટયાર્ડના ભાવ

**રાજકોટ**

| | | |
|---|---|---|
| કપાસ બી.ટી. | ૧૩૪૦ | ૧૪૯૮ |
| ઘઉં લોકવન | ૫૯૩ | ૬૨૨ |
| ઘઉં ટુકડા | ૬૦૮ | ૬૬૦ |
| જુવાર સફેદ | ૭૨૧ | ૮૧૪ |
| જુવાર પીળી | ૪૧૦ | ૪૯૫ |
| બાજરી | ૪૫૧ | ૫૬૫ |
| તુવેર | ૧૧૧૧ | ૨૧૫૦ |
| ચણા પીળા | ૧૦૫૦ | ૧૩૦૦ |
| ચણા સફેદ | ૧૫૦૦ | ૨૭૨૫ |
| અડદ | ૧૧૦૦ | ૧૬૮૫ |
| મગ | ૧૨૨૫ | ૧૮૨૫ |
| વાલ દેશી | ૧૧૦૦ | ૧૮૩૨ |
| ચોળી | ૧૧૦૦ | ૨૮૫૦ |
| મઠ | ૮૫૦ | ૧૧૫૦ |
| કળથી | ૧૦૫૦ | ૧૨૯૦ |
| સીંગદાણા | ૧૪૦૦ | ૧૫૧૦ |
| મગફળી જાડી | ૮૮૦ | ૧૨૦૮ |
| મગફળી જીણી | ૯૦૦ | ૧૨૨૦ |
| તલી | ૨૧૦૦ | ૨૭૫૦ |
| એરંડા | ૧૧૭૫ | ૧૨૫૦ |
| અજમો | ૧૭૫૦ | ૨૪૫૦ |
| સોયાબીન | ૭૮૦ | ૮૮૦ |
| સીંગફાડા | ૧૦૫૦ | ૧૩૫૦ |
| કાળા તલ | ૨૮૦૦ | ૪૩૫૦ |
| લસણ | ૪૪૦૦ | ૫૯૧૧ |
| ધાણા | ૧૩૬૬ | ૧૫૩૫ |
| ધાણી | ૧૪૨૫ | ૧૪૫૮ |
| વરીયાળી | ૧૦૨૫ | ૧૩૫૦ |
| જીરૂ | ૪૩૫૦ | ૪૭૬૦ |
| રાય | ૧૦૬૦ | ૧૨૮૦ |
| મેથી | ૧૦૫૦ | ૧૩૭૦ |
| કલોંજી | ૩૨૭૫ | ૩૮૦૦ |
| રાયડો | ૧૦૪૦ | ૧૧૫૫ |
| રજકાનું બી | ૪૨૨૫ | ૫૩૫૦ |
| ગુવારનું બી | ૮૮૦ | ૯૩૦ |

**રાજકોટ(શાકભાજી)**

| | | |
|---|---|---|
| લીંબુ | ૫૦૦ | ૧૧૫૦ |
| બટેટા | ૩૦૦ | ૭૫૧ |
| ડુંગળી સુકી | ૧૨૦ | ૬૧૫ |
| ટમેટા | ૬૦૦ | ૮૦૦ |
| સુરણ | ૧૦૦૦ | ૧૨૦૦ |
| કોથમરી | ૨૫૦ | ૫૦૦ |
| મુળા | ૩૩૦ | ૫૨૦ |
| રીંગણા | ૨૦૦ | ૫૦૦ |
| કોબીજ | ૩૦૦ | ૪૪૦ |
| ફ્લાવર | ૩૦૦ | ૫૦૦ |
| ભીંડો | ૪૦૦ | ૭૦૦ |
| ગુવાર | ૮૦૦ | ૧૨૦૦ |
| ચોળાસીંગ | ૪૦૦ | ૭૦૦ |
| વાલોળ | ૭૦૦ | ૧૧૦૦ |
| ટીંડોળા | ૩૦૦ | ૬૦૦ |
| દુધી | ૬૦ | ૧૦૦ |
| કારેલા | ૩૫૦ | ૬૦૦ |
| સરગવો | ૧૦૦૦ | ૨૮૦૦ |
| તુરીયા | ૭૫૦ | ૧૦૫૦ |
| પરવર | ૭૦૦ | ૯૦૦ |
| કાકડી | ૪૦૦ | ૮૦૦ |
| ગાજર | ૭૦૦ | ૧૦૦૦ |
| વટાણા | ૧૦૦૦ | ૧૪૦૦ |
| તુવેરસીંગ | ૬૦૦ | ૧૦૦૦ |
| ગલકા | ૩૦૦ | ૫૦૦ |
| બીટ | ૫૦૦ | ૭૦૦ |
| મેથી | ૪૦૦ | ૮૦૦ |
| વાલ | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ડુંગળી લીલી | ૩૦૦ | ૬૦૦ |
| આદુ | ૭૦૦ | ૧૦૦૦ |
| ચણા લીલા | ૩૦૦ | ૯૦૦ |
| મરચા લીલા | ૩૫૦ | ૬૦૦ |
| હળદર લીલી | ૫૦૦ | ૮૦૦ |
| લસણ લીલું | ૨૦૦૦ | ૩૦૦૦ |
| મકાઇ લીલી | ૨૬૦ | ૩૬૦ |

**અમરેલી**

| | | |
|---|---|---|
| શિંગ મઠડી | ૮૧૦ | ૧૧૩૬ |
| શિંગ મોટી | ૮૪૦ | ૧૧૮૨ |
| શિંગફાડા | ૧૦૧૨ | ૧૨૯૯ |
| તલ સફેદ | ૧૫૭૫ | ૩૦૦૦ |
| તલ કાળા | ૨૫૦૦ | ૪૩૧૫ |
| જુવાર | ૫૦૦ | ૭૭૦ |
| ઘઉં ટુકડા | ૫૫૯ | ૬૮૧ |
| ઘઉં લોકવન | ૫૭૭ | ૬૯૩ |
| અડદ | ૧૦૭૨ | ૧૫૩૦ |
| ચણા | ૯૬૫ | ૧૩૨૫ |
| કપાસ | ૯૫૦ | ૧૫૧૪ |
| જીરૂ | ૨૦૦૦ | ૪૫૭૩ |
| ધાણા | ૯૦૦ | ૧૫૧૫ |
| સોયાબીન | ૬૨૮ | ૮૩૨ |
| મેથી | ૯૫૦ | ૧૧૫૦ |
| રજકાનું બી | ૨૭૧૦ | ૫૫૯૦ |

**અમરેલી (શાકભાજી)**

| | | |
|---|---|---|
| બટેટા | ૩૪૦ | ૫૮૦ |
| રીંગણાં | ૩૦૦ | ૪૦૦ |
| ફુલાવર | ૫૦૦ | ૭૦૦ |
| કોબીજ | ૩૦૦ | ૪૦૦ |
| ટામેટા | ૭૦૦ | ૮૦૦ |
| સુરણ | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ગાજર | ૮૦૦ | ૧૨૦૦ |
| દૂધી | ૧૦૦ | ૨૦૦ |
| કારેલા | ૬૦૦ | ૭૦૦ |
| ગલકા | ૫૦૦ | ૬૦૦ |
| કાકડી | ૬૦૦ | ૮૦૦ |
| ગુવાર | ૬૦૦ | ૧૦૦૦ |
| ચોળા લીલાં | ૪૦૦ | ૮૦૦ |
| તુરીયા | ૬૦૦ | ૧૦૦૦ |
| ભીંડો | ૪૦૦ | ૫૦૦ |
| આદુ | ૮૦૦ | ૯૦૦ |
| કોથમીર | ૫૦૦ | ૬૦૦ |
| મેથીભાજી | ૯૦૦ | ૧૦૦૦ |
| કુદીનો | ૮૦૦ | ૧૦૦૦ |
| ટીંડોરા | ૪૦૦ | ૫૦૦ |
| બીટ | ૭૦૦ | ૮૦૦ |
| લીમડો મીઠો | ૯૦ | ૧૨૦ |
| મરચા લીલા | ૪૦૦ | ૧૦૦૦ |
| ડુંગળી સૂકી | ૧૫૦ | ૬૪૦ |
| મકાઈ | ૩૦૦ | ૪૦૦ |
| લીંબુ | ૮૦૦ | ૧૦૦૦ |
| પાલક | ૪૦૦ | ૬૦૦ |
| વાલ | ૧૨૦૦ | ૧૩૦૦ |
| આમળા | ૫૦૦ | ૬૦૦ |

**ગોંડલ**

| | | |
|---|---|---|
| કપાસ બી. ટી. | ૧૧૫૧ | ૧૪૯૬ |
| ઘઉં લોકવન | ૬૦૦ | ૬૩૬ |
| ઘઉં ટુકડા | ૫૭૦ | ૮૦૬ |
| મગફળી જીણી | ૭૬૧ | ૧૨૦૧ |
| સિંગ ફાડીયા | ૮૯૧ | ૧૨૧૧ |
| એરંડા | ૧૦૯૧ | ૧૨૫૧ |
| જીરૂ | ૩૫૦૧ | ૪૭૩૧ |
| વરીયાળી | ૧૧૫૧ | ૧૧૫૧ |
| ધાણા | ૮૦૧ | ૧૬૧૧ |
| લસણ સુકું | ૨૬૯૧ | ૫૮૦૧ |
| ડુંગળી લાલ | ૧૪૧ | ૮૬૧ |
| ગોગળી | ૮૫૦ | ૯૮૧ |

**બાબરા**

| | | |
|---|---|---|
| કપાસ શંકર | ૧૪૧૦ | ૧૫૩૦ |
| કપાસ કોડી | ૧૨૫૦ | ૧૩૮૦ |
| મગફળી | ૧૧૨૮ | ૧૧૯૨ |
| અડદ | ૧૧૩૯ | ૧૫૦૧ |
| ઘઉં | ૫૧૯ | ૬૦૧ |
| સોયાબીન | ૭૮૨ | ૭૯૮ |
| તલ સફેદ | ૨૦૪૦ | ૨૩૦૦ |
| જીરૂ | ૪૦૨૫ | ૪૬૦૫ |
| ચણા | ૧૦૭૦ | ૧૨૮૦ |

**સાવરકુંડલા**

| | | |
|---|---|---|
| શીંગ જીણી | ૯૦૦ | ૧૦૮૧ |
| શીંગ મોટી | ૧૦૦૦ | ૧૧૫૧ |
| તલ સફેદ | ૨૨૦૦ | ૨૫૮૧ |
| તલ કાળા | ૩૫૦૦ | ૪૦૦૦ |
| જીરૂ | ૪૨૦૦ | ૪૬૬૫ |
| કપાસ | ૧૩૯૦ | ૧૫૦૩ |
| ઘઉં લોકવન | ૫૨૮ | ૬૫૦ |
| ઘઉં ટુકડા | ૫૮૦ | ૬૩૯ |
| બાજરો | ૫૪૫ | ૬૧૬ |
| મકાઈ | ૪૫૦ | --- |
| અડદ | ૧૨૯૯ | ૧૬૧૫ |
| ચણા | ૧૦૧૧ | ૧૬૦૫ |
| સોયાબીન | ૭૫૦ | ૮૨૨ |

**ધારી**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૩૧૫ | ૧૫૧૧ |
| મગફળી | ૬૦૦ | ૧૦૧૯ |
| ઘઉ | ૫૨૬ | ૬૦૧ |
| ચણા | ૮૫૦ | ૧૨૪૧ |
| અડદ | ૧૨૬૦ | ૧૩૦૦ |
| સોયાબીન | ૬૦૫ | ૭૯૧ |
| ધાણા | ૧૧૯૬ | ૧૩૦૦ |
| સિંગદાણા | ૧૦૨૫ | ૧૦૨૫ |

**બગસરા**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૨૦૦ | ૧૫૩૫ |
| ઘઉ લોકવન | ૫૧૨ | ૫૯૪ |
| ઘઉ ટુકડા | ૫૮૦ | ૬૧૭ |
| ચણા | ૯૩૦ | ૧૨૫૦ |
| જીરૂ | ૩૦૦૫ | ૩૦૦૫ |
| અડદ | ૧૧૦૫ | ૧૧૦૫ |
| ધાણા | ૧૦૦૦ | ૧૩૪૦ |
| સોયાબીન | ૫૫૦ | ૭૯૫ |
| તલ સફેદ | ૧૭૨૦ | ૨૩૫૧ |
| મગફળી | ૭૫૫ | ૯૧૫ |

**ખાંભા**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૪૩૦ | ૧૪૭૧ |
| મગફળી | ૯૦૫ | ૧૦૭૨ |
| જુવાર | ૫૭૦ | ૭૦૦ |
| અડદ | ૧૪૦૦ | ૧૪૦૦ |

**રાજુલા**

| | | |
|---|---|---|
| શીંગ | ૯૨૫ | ૧૧૪૪ |
| તલ સફેદ | ૨૦૦૦ | ૨૪૮૯ |
| કપાસ | ૧૩૨૬ | ૧૪૮૦ |
| બાજરો | ૫૫૦ | ૭૦૧ |
| ઘઉં ટુકડા | ૬૧૧ | ૬૭૦ |
| જુવાર | ૬૦૦ | ૮૫૧ |
| અડદ | ૨૦૦૦ | ૨૦૦૦ |
| સોયાબીન | ૭૦૬ | ૮૩૦ |
| ચણા | ૧૦૦૦ | ૧૬૫૦ |

**મોટા લીલીયા**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૩૧૭ | ૧૫૧૯ |

**મહુવા**

| | | |
|---|---|---|
| શીંગ ૬૬ | ૯૯૧ | ૧૪૦૬ |
| શીંગ ૩૯ | ૯૩૧ | ૧૧૩૨ |
| શીંગ | ૯૦૦ | ૧૦૫૩ |
| શીંગ જી૨૦ | ૧૦૦૦ | ૧૧૯૨ |
| જુવાર | ૪૦૦ | ૬૬૬ |
| બાજરી | ૫૪૧ | ૬૧૪ |
| ઘઉં ટુકડા | ૫૮૫ | ૭૨૫ |
| અડદ | ૯૫૦ | ૧૮૦૩ |
| સોયાબીન | ૫૦૪ | ૮૮૧ |
| તલ સફેદ | ૧૯૫૫ | ૨૪૮૬ |
| તલ કાળા | ૨૮૦૦ | ૩૮૭૨ |
| ડુંગળી લાલ | ૨૦૦ | ૫૭૦ |
| ડુંગળી સફેદ | ૨૨૦ | ૧૨૧૫ |
| કપાસ શંકર | ૧૧૫૩ | ૧૪૬૨ |
| નાળીયેર | ૩૯૧ | ૨૪૭૦ |

**ભેંસાણ**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૨૦૦ | ૧૫૨૧ |
| ઘઉં | ૫૦૦ | ૬૫૧ |
| અડદ | ૧૦૫૦ | ૧૪૬૦ |
| ચણા | ૧૦૦૦ | ૧૨૮૫ |
| મગફળી | ૭૦૦ | ૧૧૦૫ |

## શબ્દ સંજોગ-૧૯૦૬



**આડી ચાવી :**
(૧) વૈશાખ સુદ-૧૧ એટલે.....એકાદશી (૩)
(૩) મા સરસ્વતી (૩)
(૬) ગાલની ઉપરનો કાન પાસેનો માથાનો ભાગ (૩)
(૮) વજ્ર બનાવવા પોતાના હાડકા આપનાર ઋષિ (૩)
(૯) નીલ રંગનું રત્ન (૪)
(૧૧) સારાંશ, તાત્પર્ય (૨)
(૧૨) બંધન કારક (૩)
(૧૩) મોટી અગત્યની કે અઘરી બાબત (૨)
(૧૪) વગર ખોલેલું (૪)
(૧૬) રાત્રી, રાત (૩)
(૨૦) પુત્રી, બેટી (૩)
(૨૨) બાળ ભાષામાં ખાવાનું (૨)
(૨૪) બબ્બેની જોડીમાં રમાતો નૃત્ય પ્રકાર (૨)
(૨૫) સોના કે ચાંદીનું બારીક પાતળું પતરુ (૩)
(૨૭) એક અંગ્રેજી મહિનો (૩)
(૨૮) રિવાજ (૨)
(૨૯) અંધકાર, અંધારુ (૩)
(૩૦) બધાં, તમામ (૨)

**ઉભી ચાવી :**
(૧) ફિલ્મ : તેજાબમાં માધુરી દીક્ષિતનું નામ (૩)
(૨) એક રત્ન (૩)
(૩) ચતુર, ડાહ્યુ (૨)
(૪) મુંબઈનો એક પરા વિસ્તાર (૩)
(૫) યમરાજ પાસેથી બ્રહ્મવિદ્યા શીખનાર બ્રાહ્મણકુમાર (૪)
(૭) એક છંદ (૪)
(૧૦) લચકાવું તે (૩)
(૧૧) ખાંડના પાસાદાર ગાંગડા (૩)
(૧૩) વાનગી, જમવાની વસ્તુ (૨)
(૧૪) એક ચોઘડિયું (૩)
(૧૫) હવા-અજવાળા વગરનું સ્થાન (૪)
(૧૭) સાપની કાંચળી (૨)
(૧૮) ડાખું, સુંદર (૨)
(૧૯) ખ્યાલ, છાપ (૨)
(૨૧) ...કથા (૩)
(૨૩) મોટી પૈડાવાળી પેટી (૩)
(૨૪) ચોખા કે ભાત (અંગ્રેજીમાં) (૩)
(૨૬) લેખ, લખત (૨)

## શબ્દ સંજોગ-૧૯૦૫ જવાબ

**આડી ચાવી:** (૧) કેશલાપ (૫) યાદવ (૭) શક (૮) તકલાદી (૧૦) વટક (૧૨) વાજ (૧૩) નાન (૧૪) સમાન (૧૬) યદા (૧૭) હેં (૧૯) રબ (૨૧) વે (૨૩) રવાના (૨૫) શબનમ (૨૭) સબક (૨૯) કાર (૩૦) કતલ (૩૨) રાત (૩૩) શણ (૩૪) તમક.
**ઉભી ચાવી:** (૧) કેશવ (૨) શકટ (૩) લાત (૪) પકવાન (૫) યાદી (૬) વર્તન (૯) લાજ (૧૧) કસ (૧૩) નાદાર (૧૫) માર્ગ (૧૮) દવા (૨૦) બરકત (૨૨) એબ (૨૩) રમત (૨૪) નાસ (૨૫) શરણ (૨૬) નકશો (૨૮) બરાક (૨૯) કાશ (૩૧) લત.

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# ગુજરાતના ફાર્મર રજીસ્ટ્રી પોર્ટલ પર ટેકનીકલ ખામી સર્જાઈ

**નોંધણી પ્રક્રિયા ફરી શરૂ થશે ત્યારે ખેડૂતોને જાણ કરવામાં આવશે**

ગાંધીનગર,તા.૨૨

ખેડૂતો માટેની એક મહત્વપૂર્ણ પહેલના ભાગરૂપે ગુજરાતમાં એગ્રીસ્ટેક પ્રોજેક્ટ હેઠળ ખેડૂત ખાતેદારના લેન્ડ રેકર્ડને યુનિક આઈ.ડી સાથે લીંક કરવા માટે ગત તા. ૧૫ ઓક્ટોબરથી ફાર્મર રજીસ્ટ્રી શરૂ કરવામાં આવી છે. આ રજીસ્ટ્રી હેઠળ દરેક ખેડૂતને આધાર આઈ.ડી.ની જેમ ૧૧ ડિજિટનો યુનિક ફાર્મર આઈ.ડી. આપવામાં આવશે, જેમાં ખેડૂતોની જમીન સહિતની વિગતો ઉપલબ્ધ રહેશે. આ આઈ.ડી.ના માધ્યમથી ખેડૂતોને રાજ્ય તથા કેન્દ્ર સરકારની વિવિધ હિતલક્ષી યોજનાઓનો લાભ સરળ, પારદર્શક અને સમયસર મળશે. ગુજરાતમાં અત્યાર સુધીમાં ૨.૫ લાખથી વધુ ખેડૂતોની નોંધણી પૂર્ણ કરી છે. ભારત સરકારની સૂચના અનુસાર એગ્રીસ્ટેક પ્રોજેક્ટ હેઠળ ગુજરાતના તમામ ખેડૂતોની ફાર્મર રજીસ્ટ્રી તા. ૨૫-૦૩-૨૦૨૫ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન કરાયું છે. જ્યારે, પ્રધાનમંત્રી કિસાન સમ્માન નિધિ યોજનાના લાભાર્થી ખેડૂતોને આગામી ડિસેમ્બર માસનો હપ્તો મેળવવા માટે તા. ૨૫-૧૧-૨૦૨૪ પહેલા ફાર્મર રજીસ્ટ્રી ફરજીયાતપણે પૂર્ણ કરવા જણાવાયું હતું. પરંતુ હાલમાં ગુજરાતના ફાર્મર રજીસ્ટ્રી પોર્ટલ પર કેટલીક ટેકનિકલ ખામી સર્જાઈ હોવાના કારણે નોંધણી થઈ શકશે નહિ. ટૂંક સમયમાં જ આ ખામીને દૂર કરીને નોંધણી પ્રક્રિયા ફરી શરુ કરીને ખેડૂતોને જાણ કરવામાં આવશે.

# અમદાવાદમાં ખ્યાતિ હોસ્પિટલ કૌભાંડની તપાસમાં ક્રાઈમ બ્રાન્ચનો ધમધમાટ શરૂ

અમદાવાદ,તા.૨૨



ખ્યાતિ હોસ્પિટલ કૌભાંડની તપાસમાં ક્રાઈમ બ્રાન્ચે તપાસનો ધમધમાટ શરૂ કરી દીધો છે. ખ્યાતિ હોસ્પિટલ કાંડની તપાસમાં હવે તેના ડાયરેક્ટરો આરોપી બન્યા બાદ અને તેની સામેનો કેસ ક્રાઈમ બ્રાન્ચે હાથમાં લીધા પછી તપાસનો ધમધમાટ શરૂ થયો છે. આ કાંડ ગાજવાના પગલે સરકાર પર ખ્યાતિ હોસ્પિટલ જ નહીં પીએમજેએવાય કૌભાંડમાં સંડોવાયેલી દરેક હોસ્પિટલો સામે કાર્યવાહી કરવાનું દબાણ વધ્યું છે. આ કાર્યવાહીના ભાગરૂપે ગુરૂવારે ક્રાઈમ બ્રાન્ચે હોસ્પિટલના ડાયરેક્ટર કાર્તિક પટેલના સિંધુ ભવન સ્થિત અભિશ્રી રેસિડેન્સીના ઘરનો દરવાજો તોડી ઘરમાં સર્ચ ઓપરેશન હાથ ધર્યુ હતું. પોલીસને અનેક શંકાસ્પદ દસ્તાવેજો, હાર્ડ ડિસ્ક અને દારૂની બોટલો મળી આવી હતી. આગામી દિવસોમાં અન્ય ફરાર આરોપીઓના ઘરે પણ સર્ચ કરવામાં આવશે. બીજી તરફ પોલીસે ખ્યાતિ હોસ્પિટલ અને અન્ય ૨૦થી વધુ આરોપીઓના પાંચ બેંક ખાતા ફ્રીઝ કરીને નાણાકીય વ્યવહારોની તપાસ શરૂ કરી છે. ક્રાઈમ બ્રાન્ચની તપાસ વ્યાપક બની રહી છે. એકથી વધુ માસ્ટર માઈન્ડસે આ કૌભાંડ આચર્યું હતું. પોલીસે હાર્ડ ડિસ્ક, પેન ડ્રાઈવ વગેરે કબજે કર્યા છે.

# રાજકોટ-દિલ્હી ટ્રેનના એસી કોચમાં લાગેલી આગ કાબુમાં આવતા મુસાફરોને હાશકારો

રાજકોટ તા.૨૨

રાજકોટ-દિલ્હી એકસપ્રેસ ટ્રેનમાં મુસાફરી કરતા એક પ્રવાસીએ એસી કોચમાં સિગારેટ ફુંકતા આગ લાગતા ધુમાડાના ગોટેગોટાથી મુસાફરોના શ્વાસ અધ્ધરતાલ થયા હતા. રેલવે વિભાગે તુરંત જ ટ્રેન થંભાવી આગ પર કાબુ મેળવતા મોટી દુર્ઘટના સહજમાં ટળી હતી અને પ્રવાસીઓનો બચાવ થયો હતો. આ અંગેની જાણવા મળતી વિગત મુજબ ટ્રેન નં.૨૦૯૧૩ રાજકોટ-દિલ્હી એકસપ્રેસ ટ્રેન ગુડગાંવ પાસેના રેવારી-ખરતાલ વચ્ચે દોડતી હતી ત્યારે ટ્રેનના એસી કોચમાં આગ લાગતા મુસાફરોની બુમાબુમથી ટ્રેનને થંભાવી આગને કાબુમાં લેવાતા સમયસરની તકેદારીથી મોટી દુર્ઘટના સહજમાં ટળી હતી સાથે મુસાફરોનો બચાવ થયો હતો. ટ્રેન નં.૨૦૯૧૩નાં એચ-૧ એસી કોચમાં કોઈ મુસાફરે સિગારેટ ફુંકાતા આગ લાગી હોવાનું પ્રાથમિક કારણ બહાર આવ્યું છે.

# કચ્છમાં હાથીદાંતની બંગડી બનાવવા મામલે ચાર શખ્સોની પોલીસે કરી ધરપકડ

(એચ.એસ.એલ),ભુજ,તા.૨૨

દેશમાં પ્રતિબંધિત હાથીદાંતના ઉપયોગ મામલે પશ્ચિમ કચ્છ પોલીસે કાર્યવાહી કરી છે. ભુજની બજારમાં મણિયાર બેંગલ્સ નામની બંગડીની દુકાનમાં હાથીદાંતમાંથી બંગડીઓ બનાવામાં આવી રહી હતી. જેમાં ચાર શખ્સોની ધરપકડ કરવામાં આવી છે. આ મામલે



વધુ તપાસ ફોરેસ્ટ વિભાગને સોંપવામાં આવી છે. હાથીદાંતની બંગડીઓ બનાવી વેચાણ કરવાનું કારસ્તાન પકડી પાડ્યું: ભુજ શહેર વિસ્તારમાં આવેલા ડાંડા બજારમાં મણિયાર બેંગલ્સ નામની બંગડીઓની દુકાનમાંથી ચોરીછુપીથી હાથીદાંતની બંગડીઓ બનાવી વેચાણ કરવાનું કારસ્તાન પશ્ચિમ કચ્છ લોકલ ક્રાઈમ બ્રાન્ચે ઝડપી પાડ્યું છે. કચ્છ જિલ્લામાં ચોરીછુપી રીતે કે છળકપટથી વન્યપ્રાણી જીવોના અવશેષોના વેપાર પર વોચ રાખવા અને આવી ગેરકાયદેસર થતી પ્રવૃત્તિઓ અટકાવવા માટે રેન્જ આઈજી દ્વારા સૂચના આપવામાં આવી હતી.

# દાંતાના અંતરિયાળ વિસ્તારમાંથી ત્રણ બોગસ તબીબો ઝડપી પાડતી પોલીસ

અંબાજી,તા.૨૨

હાલ રાજ્યમાંથી નકલી તબીબોની ધરપકડ કરવાની પ્રક્રિયા ચાલુ છે. ત્યારે એસઓજી અને આરોગ્ય વિભાગ અને સ્થાનિક પોલીસની ટીમે રેડ કરી મોટા બામોદરામાંથી ત્રણ બોગસ તબીબોને ઝડપી લીધા છે. પોલીસે સ્થળ ઉપરથી ૯૯ હજારનો એલોપેથીક દવાનો જથ્થો જપ્ત કર્યો છે. આપણે જણાવી દઈએ હોસ્પિટલમાં કમ્પાઉન્ડરની નોકરી કર્યા પછી દાંતાના અંતરિયાળ વિસ્તારમાં ત્રણ શખ્સો ક્લિનિક ચલાવતા હતા. લોકોના આરોગ્ય સાથે ચેડા કરતાં ત્રણ મુન્ના ભાઈઓ સામે પોલીસે કાર્યવાહી કરી હતી. અંબાજી તાલુકાના દાંતા કેમ્પસમાંથી ડોકટરો તરીકે ઉભેલા ત્રણ નકલી તબીબો ઝડપાયા હતા. એસઓજી, આરોગ્ય વિભાગ અને સ્થાનિક પોલીસની ટીમે દરોડો પાડ્યો હતો. આ મુન્નાભાઈઓ લાંબા સમયથી દાંતા તાલુકાના અંતરિયાળ વિસ્તારમાં ક્લિનિક ચલાવતા હતા.

# ખોડલધામ ટ્રસ્ટ-કાગવડ દ્વારા JEE Main ના વિદ્યાર્થીઓ માટે Target ૯૯ Percentile પ્રોગ્રામ

રાજકોટ,તા.૨૨

ખોડલધામ ટ્રસ્ટ-કાગવડ આ વખતે પણ ધોરણ ૧૨th સાયન્સના છ ગ્રુપના વિદ્યાર્થીઓ કે જેઓ ૨૦૨૪ની જાન્યુઆરી **JEE Main**ની એટલે કે **'First Attempt'**ની તૈયારી કરતાં હોય તેમના માટે **Target ૯૯ Percentile** નામનો એક રેન્ક બુસ્ટર પ્રોગ્રામ લઈને આવી રહ્યા છે. સમાજ પ્રત્યે પોતાનું ઉત્તરદાયિત્વ સમજીને ટ્રસ્ટ દ્વારા આ પ્રોગ્રામ સર્વ



સમાજના વિદ્યાર્થીઓ માટે વિનામૂલ્યે ચલાવવામાં આવશે. રાજકોટમાં સરદાર પટેલ ભવન ખાતે આ કાર્યક્રમ હેઠળ સમગ્ર દેશના શ્રેષ્ઠ ફેકલ્ટીઝ દ્વારા કે જેમની કોર ટીમમાં પ્રો. સુનિલ શર્મા, પ્રો. અંકિત અગ્રવાલ, પ્રો. મોહર સિંઘ, પ્રો. સુનિલ રાણા વિદ્યાર્થીઓને સચોટ માર્ગદર્શન આપશે. આ કાર્યક્રમ હેઠળ કોર ટીમ દ્વારા તૈયાર કરાયેલ ૪૫ દિવસના સચોટ રિવિઝન પ્લાન કે જેમાં ૪૫ દિવસનું **Daywise** પ્લાનિંગ કે જેમાં લેક્ચર, પ્રેક્ટિસ ક્લાસ, ટેસ્ટ સિરીઝ, હોમવર્ક ટ્રેકિંગની સાથે માતા-પિતાને નિયમિત **Follow-up** અપાશે. આ કાર્યક્રમમાં વહેલા તે પહેલાના ધોરણે વિદ્યાર્થીઓનું રજિસ્ટ્રેશન કરીને તેમની પસંદગી કરાશે.

# કોડીનાર પોલીસે અગત્યના ડોક્યુમેન્ટ સાથે પડી ગયેલું પાકીટ શોધીને મૂળ મોલિકને સોંપ્યું

કોડીનાર, તા.૨૨

કોડીનાર ટાઉન વિસ્તારમાં જી.આર.ડી જમાદાર ડી.સી. બાંભણીયા તથા જી.આર.ડી સભ્ય સલીમશા ઈશુબશા બાનવા નાઈટ રાઉન્ડમાં હતા તે દરમિયાન કોડીનાર ઉના ઝાપાથી જી.આર.ડી સભ્ય સલીમશા ઈશુબશા બાનવાને એક પાકીટ તથા વીવો કંપનીનો મોબાઈલ



મળ્યો હતો. પાકીટમાં તપાસ કરતા તેમાં અગત્યના ડોક્યુમેન્ટ તથા રોકડા રૂપિયા ૧૩૫૬૦ તેમજ મોબાઈલ નંગ-૧ કિં.રૂ.૨૫૬૦૦નો મળી આવ્યો હતો. જે ડોક્યુમેન્ટના આધારે તપાસ કરતા મૂળ માલિક ઉમેરબાપુ કાદરી રહે-કોડીનાર વાળાનું હતું. જેથી મૂળ માલિકને પોલીસ સ્ટેશન ખાતે બોલાવી ડોક્યુમેન્ટ તથા રોકડા રૂપિયા-મોબાઈલ મળી કુલ કિં.રૂ.૩૯,૧૬૦ પરત કરી તેરા તુજકો અર્પણનું સૂત્ર સાર્થક કર્યું હતું.

# કોડીનારમાં ગણતરીના કલાકોમાં ૬ આરોપીઓને પકડી જેલ હવાલે કર્યા

કોડીનાર તા.૨૨



કોડીનારના છારા જાપા વિસ્તારમાં આવેલા જગદીશ ફાસ્ટ ફૂડ નામની દુકાનમાં ગઈકાલે ભર બપોરે હુમલો કરવાની ઘટનામાં ઈજા પામનાર ધ્રુવ દિનેશભાઈ સવનીયાએ આઠ શખ્સો સામે પોલીસમાં ધોરણસર ફરિયાદ નોંધાવી હતી. કોડીનારમાં ફાસ્ટ ફૂડના ધંધાર્થીની દુકાને જઈ તલવાર, ધારિયા જેવા ઘાતક હથિયારો સાથે આંતક મચાવ્યા બાદ આરોપીઓએ જગદીશ ફાસ્ટ ફૂડ વાળા ભાવિકભાઈના ઘરે જીવલેણ હુમલો કરવાની તૈયારી સાથે ગયા હતા. ફરિયાદમાં ધ્રુવ દિનેશભાઈએ જણાવ્યું છે કે તેમના કૌટુંબિક ભાઈ ભાવિકએ આરોપી વિશાલ વાઢેરની પત્ની સાથે સોશિયલ મીડિયામાં વાતચીત કરેલ જે બાબતનું મનદુઃખ રાખીને જગદીશ ફાસ્ટ ફૂડમાં જઈને તલવાર અને ધારિયા સાથે જઈને રાજ સવનીયા સાથે પ્રથમ માથાકૂટ કરીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.


**CHANGE OF NAME**

I Undersigh GANGANI ARMAN SHAUKATBHAI have changed my name from GANGANI ARMAN SHAUKATALI To GANGANI ARMAN SHAUKATBHAI (New)
Now i will be known as
GANGANI ARMAN SHAUKATBHAI (new)
Sigh : GANGANI ARMAN SHAUKATBHAI
Address: ASHIRVAD SOCIETY,NEAR KHOJA SAMAJ NI VADI,AMRELI ROAD,AT-BABRA,DIST-AMRELI-365421 GUJARAT INDIA



**મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ વડીયાની કોર્ટમાં**

**-:જાહેર નોટીસઃ-**

નં.મરણ નોંધણી/અરજી નં.૩૪/૨૦૨૪

**અરજદારશ્રીઃ-** શ્રી બધાભાઈ નનાભાઈ ગમારા,
રહે.બરવાળા બાવીશી, તા.વડીયા જિ.અમરેલી
**એડવોકેટશ્રી હરેશ વી. કોટડીયા મો.- ૯૮૭૯૮ ૫૧૨૫૩**
**એડવોકેટશ્રી ભરત કે. તળાવીયા મો.- ૯૦૧૬૭ ૭૮૮૨૧**
**વિરૂધ્ધ**
**સામાવાળાઃ-** ૧. તલાટી કમ મંત્રીશ્રી બરવાળા બાવીશી, તા.વડીયા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે મરણની નોંધ કરાવવા જાહેર નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રીના પુત્રશ્રી વિશાલભાઈ બધાભાઈ ગમારાનાઓનો જન્મ તા.૧૭/૦૯/૧૯૯૮ના રોજ મુ.બરવાળા બાવીશી, તા.વડીયા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયતના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. તો સદર અરજીના અનુસંધાને જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોઈ તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી દિન-૩૦માં પોતે અથવા વકીલ મારફતે મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી વડીયા ખાતે જરૂરી આધાર-પુરાવા સાથે વાંધો રજુ કરવો.જો ઉપર દર્શાવેલ સમયગાળામાં વાંધો નહી આવે તો આગળની ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી.

આજ તા. ૨૧/૧૧/૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીક્કો કરી આપ્યો.

**સહી,**
**મામલતદાર અને એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ**
**વડીયા (ઈ.ચા)**



**મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ વડીયાની કોર્ટમાં**

**-:જાહેર નોટીસઃ-**

નં.મરણ નોંધણી/અરજી નં.૩૨/૨૦૨૪

**અરજદારશ્રીઃ-** શ્રી લાલજીભાઈ ગોકળભાઈ ભડકોલીયા,
રહે.કુંકાવાવ નાની, તા. વડીયા, જિ. અમરેલી
**એડવોકેટશ્રી હરેશ વી. કોટડીયા મો.- ૯૮૭૯૮ ૫૧૨૫૩**
**એડવોકેટશ્રી ભરત કે. તળાવીયા મો.- ૯૦૧૬૭ ૭૮૮૨૧**
**વિરૂધ્ધ**
**સામાવાળાઃ-** ૧. તલાટી કમ મંત્રીશ્રી કુંકાવાવ નાની, તા.વડીયા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે મરણની નોંધ કરાવવા જાહેર નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રીના પુત્રશ્રી ચતુરભાઈ લાલજીભાઈ ભડકોલીયાનાઓનો જન્મ તા.૦૧/૦૮/૧૯૭૬ ના રોજ મુ.કુંકાવાવ મોટી, તા. વડીયા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયતના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. તો સદર અરજીના અનુસંધાને જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોઈ તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી દિન-૩૦માં પોતે અથવા વકીલ મારફતે મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી વડીયા ખાતે જરૂરી આધાર-પુરાવા સાથે વાંધો રજુ કરવો.જો ઉપર દર્શાવેલ સમયગાળામાં વાંધો નહી આવે તો આગળની ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી.

આજ તા. ૨૧/૧૧/૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીક્કો કરી આપ્યો.

**સહી,**
**મામલતદાર અને એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ**
**વડીયા (ઈ.ચા)**



**મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ વડીયાની કોર્ટમાં**

**-:જાહેર નોટીસઃ-**

નં.મરણ નોંધણી/અરજી નં.૩૮/૨૦૨૪

**અરજદારશ્રીઃ-** શ્રી જયંતીભાઈ મોહનભાઈ કારેલીયા,
રહે.જીથુડી, તા. વડીયા જિ.અમરેલી
**એડવોકેટશ્રી હરેશ વી. કોટડીયા મો.- ૯૮૭૯૮ ૫૧૨૫૩**
**એડવોકેટશ્રી ભરત કે. તળાવીયા મો.- ૯૦૧૬૭ ૭૮૮૨૧**
**વિરૂધ્ધ**
**સામાવાળાઃ-** ૧. તલાટી કમ મંત્રીશ્રી જીથુડી, તા.વડીયા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે મરણની નોંધ કરાવવા જાહેર નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રીના પુત્રશ્રી મહેશકુમાર જંયતીભાઈ કારેલીયાનાઓનો જન્મ તા.૧૩/૦૨/૧૯૮૩ના રોજ મુ.જીથુડી, તા.વડીયા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયતના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. તો સદર અરજીના અનુસંધાને જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોઈ તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી દિન-૩૦માં પોતે અથવા વકીલ મારફતે મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી વડીયા ખાતે જરૂરી આધાર-પુરાવા સાથે વાંધો રજુ કરવો.જો ઉપર દર્શાવેલ સમયગાળામાં વાંધો નહી આવે તો આગળની ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી.

આજ તા. ૨૧/૧૧/૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીક્કો કરી આપ્યો.

**સહી,**
**મામલતદાર અને એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ**
**વડીયા (ઈ.ચા)**



**મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ વડીયાની કોર્ટમાં**

**-:જાહેર નોટીસઃ-**

નં.મરણ નોંધણી/અરજી નં.૩૭/૨૦૨૪

**અરજદારશ્રીઃ-** શ્રી ધીરૂભાઈ દેવજીભાઈ દેવાણી,
રહે.બી-૧૦૩, એનાસ હાઈટ્સ, એમ.જી.રોડ, સુર્યમ ફલોરા પાસે, તા. જિ. અમદાવાદ
**એડવોકેટશ્રી હરેશ વી. કોટડીયા મો.- ૯૮૭૯૮ ૫૧૨૫૩**
**એડવોકેટશ્રી ભરત કે. તળાવીયા મો.- ૯૦૧૬૭ ૭૮૮૨૧**
**વિરૂધ્ધ**
**સામાવાળાઃ-** ૧. તલાટી કમ મંત્રીશ્રી કુંકાવાવ મોટી, તા.વડીયા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે મરણની નોંધ કરાવવા જાહેર નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રીના પુત્રીશ્રી સોનલબેન ધીરૂભાઈ દેવાણીનાઓનો જન્મ તા.૦૫/૦૭/૧૯૮૩ના રોજ મુ.કુંકાવાવ મોટી, તા.વડીયા, જી.અમરેલી મુકામે થયેલ.પરંતુ કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયતના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. તો સદર અરજીના અનુસંધાને જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોઈ તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી દિન-૩૦માં પોતે અથવા વકીલ મારફતે મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી વડીયા ખાતે જરૂરી આધાર-પુરાવા સાથે વાંધો રજુ કરવો.જો ઉપર દર્શાવેલ સમયગાળામાં વાંધો નહી આવે તો આગળની ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી.

આજ તા. ૨૧/૧૧/૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીક્કો કરી આપ્યો.

**સહી,**
**મામલતદાર અને એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ**
**વડીયા (ઈ.ચા)**



**મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ વડીયાની કોર્ટમાં**

**-:જાહેર નોટીસઃ-**

નં.મરણ નોંધણી/અરજી નં.૩૩/૨૦૨૪

**અરજદારશ્રીઃ-** શ્રી લાલજીભાઈ ગોકળભાઈ ભડકોલીયા,
રહે.કુંકાવાવ નાની, તા. વડીયા, જિ. અમરેલી
**એડવોકેટશ્રી હરેશ વી. કોટડીયા મો.- ૯૮૭૯૮ ૫૧૨૫૩**
**એડવોકેટશ્રી ભરત કે. તળાવીયા મો.- ૯૦૧૬૭ ૭૮૮૨૧**
**વિરૂધ્ધ**
**સામાવાળાઃ-** ૧. તલાટી કમ મંત્રીશ્રી કુંકાવાવ નાની, તા.વડીયા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે મરણની નોંધ કરાવવા જાહેર નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રીના પુત્રશ્રી ચંદુલાલ લાલજીભાઈ ભડકોલીયાનાઓનો જન્મ તા.૦૧/૦૮/૧૯૭૯ના રોજ મુ.કુંકાવાવ નાની, તા.વડીયા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયતના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. તો સદર અરજીના અનુસંધાને જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોઈ તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી દિન-૩૦માં પોતે અથવા વકીલ મારફતે મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી વડીયા ખાતે જરૂરી આધાર-પુરાવા સાથે વાંધો રજુ કરવો. જો ઉપર દર્શાવેલ સમયગાળામાં વાંધો નહી આવે તો આગળની ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી.

આજ તા. ૨૧/૧૧/૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીક્કો કરી આપ્યો.

**સહી,**
**મામલતદાર અને એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ**
**વડીયા (ઈ.ચા)**



**જાહેર હરરાજી**

**શ્રી બરવાળા બાવીશી પ્રાથમિક શાળા**

**તા. કુંકાવાવ, જિ. અમરેલી, પીન નં. ૩૬૫૪૫૦**

આથી રસ ધરાવતા વ્યકિતઓને જણાવવાનું કે, કુંકાવાવ તાલુકાની બરવાળા બાવીશી પ્રાથમિક શાળાનો જર્જરિત ઈમલો હરરાજીથી ખરીદવા રસ ધરાવતા ઈસમોને જાણ કરવામાં આવે છે કે, બરવાળા બાવીશી પ્રા.શાળા ખાતે સ્લેબ વાળા રૂમ ચાર (૪) તથા બે સેનીટેશન જે તે સ્થિતિમાં ફકત ઈમલા (કાટમાળ)ની જાહેર હરરાજી તા. ૨૮-૧૧-૨૦૨૪ ને ગુરૂવારના બપોરના ૩:૦૦ કલાકે શાળાના મેદાનમાં રાખવામાં આવેલ છે. ઈમલા (કાટમાળ)ની સ્થળ સ્થિતિ કચેરી સમય દરમ્યાન જોઈ શકાશે. રસ ધરાવતા ઈસમોએ શરતોને આધીન સ્વખર્ચ હરરાજીમાં ભાગ લેવા જાહેર નિવેદન કરવામાં આવે છે. સદર ઈમલાના નિયમો અને શરતો સ્થળ પર રૂબરૂ વાંચી સંભળાવવામાં આવશે.

**નોંધઃ- પુરા ઈમલાની અપસેટ કિંમત ૩૨,૨૭૦/- (બત્રીસ હજાર બસો સીતેર) છે.**

| | |
|---|---|
| **ગોંડલીયા ચંદ્રિકાબેન એસ.** | **વાળા મંગળુભાઈ ડી.** |
| **સભ્ય સચિવ** | **અધ્યક્ષ** |
| **એસ.એમ.સી.** | **એસ.એમ.સી.** |
| **બરવાળા બાવીશી** | **બરવાળા બાવીશી** |

# અમરેલી સહિત ગુજરાતમાં જામતો શિયાળો, નલીયા સૌથી વધુ ઠંડુ શહેર

ગાંધીનગર,તા.૨૨



સૌરાષ્ટ્ર-ગુજરાતમાં આજે સવારે શિયાળાનો અસલી રંગ દેખાયો હતો અને વિવિધ સ્થળોએ તાપમાન ૧૨ થી ૧૬ ડિગ્રી વચ્ચે નોંધાતા લોકોએ આજે સવારે અસલી ઠંડીનો અનુભવ કર્યો હતો. ખાસ કરીને આજે સવારે રાજયનાં સૌથી ઠંડા શહેરો નલિયા અને ગાંધીનગર રહ્યા હતા. આજે સવારે કચ્છનાં નલિયા ખાતે ૧૨.૨ ડિગ્રી લઘુતમ તાપમાન સાથે ૨૪ કલાકમાં ૧ ડિગ્રી તાપમાન ગગડયું હતું. આ ઉપરાંત ગાંધીનગર ખાતે ગત તા. ૧૨.૪ ડિગ્રી લઘુતમ તાપમાન નોંધાયુ હતું. જયારે આજે રાજકોટ શહેરમાં ચાલુ સિઝનની સૌપ્રથમવાર તિવ્ર ઠંડી અનુભવાઈ હતી. આજે સવારે રાજકોટ શહેરમાં ૧૪.૬ ડિગ્રી અને પોરબંદરમાં પણ ૧૪.૬ ડિગ્રી લઘુતમ તાપમાન નોંધાયુ હતું. તેમજ અમરેલીમાં પણ ૧૩.૪ ડિગ્રી સાથે કડકડતી ઠંડી અનુભવાઈ હતી. ઉપરાંત અમદાવાદમાં ૧૬.૬ ડિગ્રી, વડોદરામાં ૧૪.૬, ભાવનગરમાં ૧૬.૬ તથા ભુજમાં ૧૬.૩ ડિગ્રી લઘુતમ તાપમાન નોંધાયુ હતું. દમણમાં ૧૯.૪, ડિસામાં ૧૪.૪, દિવમાં ૧૭.૬, દ્વારકામાં ૨૧.૪, કંડલામાં ૧૮, સુરતમાં ૧૮.૪ તથા વેરાવળ ખાતે ૧૯.૫ ડિગ્રી લઘુતમ તાપમાન નોંધાયુ હતું.

# સોમનાથ ખાતે ૧૧મી ચિંતન શિબિરના બીજા દિવસે હાજરી આપતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ

(એચ.એસ.એલ),સોમનાથ,તા.૨૨



સોમનાથ ખાતે આયોજિત રાજ્ય સરકારની ૧૧મી ચિંતન શિબિરના બીજા દિવસે 'સરકારી સેવાઓના સુદ્રઢીકરણ માટે ડીપ ટેક્નોલોજી'ના ઉપયોગ તથા 'એ.આઈ. અને ડેટા એનાલિટિક્સ' વિષય પર મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની વિશેષ ઉપસ્થિતિમાં માર્ગદર્શક વક્તવ્ય સત્ર યોજવામાં આવ્યું હતું. એનવીડિયાના ડાયરેક્ટર જીગર હાલાણીએ સરકારની જન કલ્યાણકારી સેવાઓની સુલભતા અને સરકારી વ્યવસ્થાપનમાં એ.આઈ. ટેકનોલોજીના ઉપયોગ અંગે વિશદ જાણકારી આપી હતી. જીગર હાલાણીએ ગુજરાતને એ.આઈ. મોડલ બનાવવાની દિશા તરફની સંભાવનાઓ, ઉપલબ્ધતાઓ તથા ગુજરાતને એ.આઈ. મોડલ બનાવવા માટે હાલ થઈ રહેલી કામગીરી અંગે છણાવટ કરી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો લોકપ્રિય રેડિયો પ્રોગ્રામ 'મન કી બાત' ૨૩ ભાષાઓમાં વર્તમાન સમયમાં એ.આઈ.ની મદદથી લોકો સાંભળી શકે છે અને ન્યાયાલયોમાં પણ એ.આઈ.નો અસરકારક ઉપયોગ થઈ રહ્યો છે, ત્યારે રાજ્ય સરકારના લોકહિતકારી અભિયાનોને વધુ અસરકારક બનાવવા તથા પ્રજાહિતલક્ષી સેવાઓ લોકોને સરળતાથી ઉપલબ્ધ થાય તે માટે એ.આઈ. ટેક્નોલોજીને માધ્યમ બનાવી જરૂરિયાતમંદ લોકો સુધી આવી યોજનાઓનો લાભ કઈ રીતે સરળતાથી પહોંચાડી શકાય તે બાબતે તેમણે પ્રેઝેન્ટેશન રજૂ કર્યું હતું.

# ગુજરાતમાં ૨૧,૧૧૪ જગ્યા માટે દિવ્યાંગોની ભરતી કરવામાં આવશે



ગાંધીનગર, તા.૨૨

ગુજરાતના વિવિધ સરકારી વિભાગોમાં દિવ્યાંગોની ભરતી કરાશે. સરકારી વિભાગોમાં દિવ્યાંગો માટેની ૨૧,૧૧૪ પોસ્ટ પર ભરતી કરવામાં આવશે. આ અંગે રાજ્યના ચીફ સેક્રેટરીએ ગુજરાત હાઈકોર્ટમાં સોગંદનામું રજૂ કર્યું છે. મળતી માહિતી અનુસાર, રાજ્યના સરકારી વિભાગોમાં દિવ્યાંગોની ભરતીને લઈને રાજ્યના ચીફ સેક્રેટરીએ ગુજરાત હાઈકોર્ટમાં સોગંદનામું રજૂ કર્યું છે. જેમાં રાજ્યના વિવિધ સરકારી વિભાગોમાં દિવ્યાંગો માટેની ૨૧,૧૧૪ જગ્યા પર ભરતી કરવા જણાવવામાં આવ્યું છે. દિવ્યાંગો માટે ૩૧મી ડિસેમ્બર સુધીમાં કુલ ૨૭ વિભાગોની ભરતી પ્રક્રિયા શરૂ કરાશે. આ વિશેષ ભરતી ડ્રાઈવ ઉપરાંત રેગ્યુલર રિક્રુટમેન્ટ પ્રોસેસ પણ તબક્કાવાર હાથ ધરાશે. ઓગસ્ટ ૨૦૨૫ સુધીમાં લેખિત પરીક્ષા સહિતની પ્રક્રિયા પૂર્ણ કરવા પ્રયાસ કરાશે. આ અંગે એડવોકેટ જનરલે કોર્ટ પાસે બે વર્ષનો સમય માંગ્યો છે. આ મામલે કોર્ટે આ ભરતી પ્રક્રિયા ઝડપથી પૂર્ણ કરવા જણાવ્યું હતું.

**સારવારમાં યુવકના મોત બાદ પોલીસે શખ્સો પર હત્યાની કલમનો ઉમેરો કર્યો**

# અમદાવાદના ઠક્કરનગરમાં યુવકની છરી અને ધોકા વડે ઘાતકી હત્યા કરી

અમદાવાદ,તા.૨૨



અમદાવાદ શહેરમાં હત્યાનો સિલસિલો અટકવાનું નામ નથી લઈ રહ્યો. કાગડાપીઠ અને નહેરુનગરમાં થયેલી હત્યા બાદ ઠક્કરનગરમાં પણ હત્યાનો બનાવ સામે આવ્યો છે. બે દિવસ પહેલા સામાન્ય મામલે યુવક પર જીવલેણ હુમલો કરવામાં આવ્યો હતો જેનું સારવાર દરમિયાન મોત થયું હતું. અંગત અદાવતમાં હુમલાખોરોએ યુવકને ફોન કરીને બોલાવ્યો હતો અને બાદમાં તેના માથા પર ધોકો માર્યા બાદ છરીનો ઘા મારી દીધો હતો. જીવલેણ હુમલો થતા યુવક કોમામાં જતો રહ્યો હતો. બે દિવસ સુધી જીવન મરણ વચ્ચે ઝોલા ખાઈ રહેલા યુવકનું મોત થતા પોલીસે હત્યાની કલમનો ઉમેરો કર્યો છે.

# સુરતમાં પત્નીની ધારીયા વડે હત્યા કર્યા બાદ પતિએ ગળાફાંસો ખાધો

સુરત,તા.૨૨



સુરતમાં પતિ દ્વારા પત્નીની હત્યા કર્યા બાદ આપઘાત કર્યાની ઘટના સામે આવી છે. શહેરના સિંગણપોરના ડભોલી પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલી ન્યૂ ત્રિવેણી સોસાયટીમાં રહેતાં પતિ-પત્ની વચ્ચે તકરાર થતાં તેનો કરુણ અંજામ આવ્યો છે. પતિએ પહેલા પત્નીની ધારિયા વડે હત્યા કરી, બાદમાં પોતે પંખે ગળાફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. પોલીસ પાસેથી મળતી માહિતી મુજબ, ૫૦ વર્ષીય નરેશભાઈ કુંડલિયા ન્યૂ ત્રિવેણી સોસાયટીમાં પરિવાર સાથે રહેતા હતા. પરિવારમાં પત્ની અને બે પુત્ર અને એક પુત્રી છે. રાત્રિ દરમિયાન પતિ-પત્ની વચ્ચે કોઈ બાબતે તકરાર થતાં આવેશમાં આવી જઈ નરેશભાઈએ પોતાની ૪૫ વર્ષીય પત્ની જમનાબેનની હત્યા કરી હતી. એ બાદ તેમણે જાતે ગળાફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી.

# ઉડતા અમદાવાદ: ફરી રૂા.૧.૩૦ કરોડનું ડ્રગ્સ ઝડપતી ક્રાઈમ બ્રાન્ચ

અમદાવાદ,તા.૨૨





અમદાવાદના નારણપુરામાં સ્પેશિયલ ઓપરેશન ગ્રુપની ટીમે ૨૫.૬૮ લાખના એમડી ડ્રગ્સ સાથે સિન્ડિકેટ મેમ્બરની ટુકડીને ઝડપ્યાને હજુ ૨૪ કલાક પણ નહોતા થયા ત્યાં ફરી ૧.૩૦ કરોડની કિંમતનું ડ્રગ્સ ઝડપાયું હતું. દાણીલીમડા ખાતે આવેલી શાહઆલમ સોસાયટીના એક મકાનમાં ક્રાઈમ બ્રાન્ચની ટીમે રેડ કરીને ૧.૨૩ કરોડ રૂપિયાનું એમડી ડ્રગ્સ, બે પિસ્તોલ, ૪૮ જીવતા કારતૂસ, જીપીએસ ટ્રેકર, ૧૮.૨૭ લાખ રોકડ ઝડપી ડ્રગ્સ માફિયા તેમજ હથિયારના સોદાગર જિશાન ઉર્ફે દત્તા પાવલેની ધરપકડ કરી છે. જિશાને અમદાવાદમાં ડ્રગ્સ ડિસ્ટ્રિબ્યુટ કરવા માટે આખું નેટવર્ક ગોઠવેલું હતું. તે હોલસેલ ડ્રગ્સ ડીલર હતો અને તેણે સોશિયલ મીડિયામાં આખું નેટવર્ક ગોઠવ્યું હતું. તે ક્યાંય એમડી કે ડ્રગ્સ જેવા શબ્દો વાપરતો નહીં અને વન ટાઈમ વ્યૂનો ઉપયોગ કરીને ફોટો મોકલતો હતો.

# સુરતમાં બુટલેગરો અને અસામાજિક તત્વોના ૧૬૦૦ ઘરોમાં પોલીસનું સર્ચ ઓપરેશન

સુરત,તા.૨૨



સુરત શહેરમાં કાયદો અને વ્યવસ્થા પાટા પર લાવવા પોલીસ કમિશનર અનુપમસિંહ ગેહલોતે બુટલેટરો તેમજ વૉન્ટેડ અને અસામાજિક તત્ત્વો પર સકંજો કસવાનો આદેશ આપ્યો છે. આ આદેશ બાદ સુરતના ભેસ્તાનમાં મધરાતે બે વાગ્યાથી પરોઢિયે પાંચ વાગ્યા સુધી ૧૦૦થી વધુ પોલીસકર્મીઓ દ્વારા સર્ચ ઓપરેશન હાથ ધરાયું હતું. આ દરમિયાન ૫૦ જેટલાં હિસ્ટ્રીશીટરની યાદી સાથે ૧૬૦૦થી વધુ ઘરોની તપાસ કરાઈ હતી. આ દરમિયાન ૪ નાઈટ વિઝન ડ્રોનની મદદથી સમગ્ર વિસ્તારનું પણ ચેકિંગ કરાયું હતું.

# ગુજરાતના બે સ્થળોને યુનેસ્કો વર્લ્ડ હેરિટેજ સાઈટમાં સ્થાન મળ્યું



ભુજ,તા.૨૨

ગુજરાતના કેટલાક મહત્વના હેરિટેજ સ્થળોને યુનેસ્કો વર્લ્ડ હેરિટેજ સાઈટમાં સ્થાન પ્રાપ્ત થયું છે. કચ્છના ધોળાવીરાને વર્લ્ડ હેરિટેજ સાઈટનો દરજ્જો પ્રાપ્ત થયો છે. ત્યારે ભારત સરકાર દ્વારા સ્વદેશ દર્શન ૨.૦ અંતર્ગત યુનેસ્કો વર્લ્ડ હેરિટેજ સાઈટ ધોળાવીરાની સર્વગ્રાહી વિકાસ માટે પસંદગી કરવામાં આવી છે. ભારત સરકાર દ્વારા સ્વદેશ દર્શન ૨.૦ અંતર્ગત ભારતના આવા કુલ ૫૦ સ્થળોની પસંદગી કરવામાં આવી છે. જેમાં ગુજરાતના બે સ્થળો ધોળાવીરા અને દ્વારકાની પસંદગી થઈ છે.

# મહંત હરિગિરિએ ભાજપને પાંચ કરોડ, કલેક્ટરોને ૫૦-૫૦ લાખ આપ્યા : મહેશગિરિ




જૂનાગઢ,તા.૨૨

ગિરનાર પર્વત પર અંબાજી મંદિરનાં મહંત તનસુખગિરિજી બ્રહ્મલીન થયા પછી અંબાજી મંદિરની ગાદીને લઈને થયેલો વિવાદ પરાકાષ્ઠાએ પહોંચ્યો છે અને સંતો પણ સાંસારિક મનુષ્યોની જેમ જ એકબીજાની સામે આવીને આક્ષેપ-પ્રતિ આક્ષેપ કરી રહ્યા છે. મહંત પદ માટે શરૂ થયેલી ખેંચતાણ દરમિયાન અખાડા પરિષદે પ્રેમગિરિ બાપુની મહંત પદે નિયુક્તિ કરતાં ભૂતનાથ મંદિરના મહંત મહેશગિરિએ ગુરુવારે જૂના અખાડાનો એક લેટર બૉંબ ફોડ્યો હતો.














